સંત શ્રી આશારામજી આશ્રમ દ્વારા પ્રકાશિત

# ऋषि प्रसाद

ऋषि प्रसाद (गुजराती)

મૂલ્ય : ૬ રૂા.
૧ સપ્ટેમ્બર ૨૦૧૨
વર્ષ : ૨૩ અંક : ૩
(નિરંતર અંક : ૨૩૭)

## ઈશ્વરીય સત્તાનો ચમત્કાર !



પૂજ્ય સંત
શ્રી આશારામજી બાપુ














**આ ચમત્કારિક ઘટનાને જીવંત રૂપમાં જુઓ આ મહિનાના 'ઋષિ દર્શનમાં !'**

સાચા સંત એટલે પરમાત્માના પ્રચંડ સામર્થ્યનો ભંડાર... ! એમનું સંકલ્પબળ શું ન કરી શકે ! આ સંદર્ભમાં અનેક ઉદાહરણો આપણને વેદ, શાસ્ત્રો અને પુરાણોમાં જોવા મળે છે. ગોધરા (ગુજ.)માં તા. ૨૯-૮-૨૦૧૨ની બપોરે હેલિકોપ્ટરના ત્રણ ટુકડા થઈને કચ્ચરઘાણ વળી જવા તથા એમાં આગ લાગવા છતાં અંદર બેઠેલા પૂજ્ય બાપુ, પાયલોટ અને બીજા ભક્તોનો વાળ પણ વાંકો ન થયો.

**આ ઈશ્વરીય સત્તાનો ચમત્કાર નથી તો બીજું શું છે ?**

TV9 MAHARASHTRA

**સદીની સૌથી ભાગ્યશાળી વ્યક્તિ : આશારામજી બાપુ**
- ન્યૂઝ ચેનલ 'ટીવી૯'




**હવે બીજો કેવો ચમત્કાર જોઈએ ?** - શ્રી અશોક સિંઘલ
'વિશ્વ હિંદુ પરિષદ'ના મુખ્ય સંરક્ષક અને પૂર્વ આંતર્રાષ્ટ્રીય અધ્યક્ષ



**પૂજ્ય બાપુને દૈવી શક્તિ પ્રાપ્ત છે** - શ્રી રાજનાથ સિંહ
ભાજપના મુખ્ય સાંસદ, અગ્ર નેતા અને પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ

# પૂજ્ય બાપુની અમૃત વાણીથી ઓતપ્રોત સત્સાહિત્ય




❊ ડી.ડી. કે મનીઓર્ડર મોકલવાનું સરનામું ❊

મહિલા ઉત્થાન ટ્રસ્ટ, સત્સાહિત્ય વિભાગ, સંત શ્રી આશારામજી આશ્રમ, સંત શ્રી આશારામજી આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૫. સંપર્ક (૦૭૯)૩૯૮૭૭૭૩૦/૮૮

ધ્યાન આપો : ❊ નજીકના આશ્રમ કે સમિતિનાં સેવાકેન્દ્રથી સત્સાહિત્ય વગેરે લેશો તો ટપાલખર્ચ બચી જશે. ❊ ડી.ડી./મનીઓર્ડરની સાથે તમારો ઓર્ડર, નામ, સરનામું, ટેલીફોન નં. વગેરે સ્પષ્ટ રીતે લખવું. વી.પી.પી. સેવા ઉપલબ્ધ નથી.

પૂજ્ય બાપુના જીવન, ઉપદેશ અને યોગલીલાઓ પર આધારિત

# ઋષિ દર્શન

આધ્યાત્મિક માસિક વિડિયો સામયિક



તમને જોવા મળશે પૂજ્ય બાપુના વર્તમાન અને પૂર્વના સારભૂત સત્સંગો, પર્વ-મહિમા, પુણ્યદાયક તિથિઓ, સ્વાસ્થ્યની ચાવીઓ, દુર્લભ લીલાઓ અને બીજું પણ ઘણું બધું...

**સભ્ય ફી : વાર્ષિક - રૂા. ૪૫૦ પંચવાર્ષિક - રૂા. ૧૯૦૦**

ડી.ડી., મનીઓર્ડર અને ચેક 'મહિલા ઉત્થાન ટ્રસ્ટ'ના નામે અમદાવાદ મોકલવાના રહેશે.
સરનામું : સંત શ્રી આશારામજી આશ્રમ, સાબરમતી, અમદાવાદ-૦૫, સંપર્ક : (૦૭૯)૨૭૫૦૫૦૧૦-૧૧.
e-mail : contact@rishidarshan.org

## પૂજ્ય બાપુની અણમોલ સ્વાસ્થ્ય-ચાવીઓ સાથે...




તન તંદુરસ્ત... મન પ્રસન્ન

**યોગાસન**

એક જ ડીવીડીમાં હિંદી, અંગ્રેજી ભાષા-વિકલ્પ

સૌ સ્વસ્થ રહેવા ઇચ્છે છે, તંદુરસ્તીના નુસખા મેળવવા ઇચ્છે છે તો લો, આસન-પ્રાણાયામનો લાભ યોગાસન ડીવીડી સાથે અને સ્વસ્થ રહો - મસ્ત રહો.

સંત શ્રી આશારામજી આશ્રમનાં સત્સાહિત્ય-કેન્દ્રો પર વિશેષ રાહત સાથે ઉપલબ્ધ.

# ऋषि प्रसाद

('ऋषि प्रसाद') मासिक पत्रिका
गुजराती, हिन्दी, मराठी, ओड़िया, तेलुगू, कन्नड, अंग्रेजी, सिंधी, सिंधी (देवनागरी) व बंगाली भाषाओं में प्रकाशित

वर्ष : २३ अंक : ३
भाषा : गुजराती (निरंतर अंक : २३७)
१ सितम्बर २०१२ मूल्य : रु. ६-००
अ. भाद्रपद-भाद्रपद वि.सं. २०६८

स्वामी : संत श्री आशारामजी आश्रम
प्रकाशक और मुद्रक : श्री कौशिकभाई पो. वाणी
प्रकाशन स्थल : संत श्री आशारामजी आश्रम, मोटेरा, संत श्री आशारामजी बापू आश्रम मार्ग, साबरमती, अहमदाबाद -३८०००५ (गुजरात).
मुद्रण स्थल : हरि ॐ मैन्युफेक्चरर्स, कुंजा मतरालियों, पौंटा साहिब, सिरमौर (हि.प्र.)-१७३०२५.
सम्पादक : श्री कौशिकभाई पो. वाणी
सहसम्पादक : डॉ. प्रे. खो. मकवाणा, श्रीनिवास


**ભારતમાં લવાજમ (ટપાલ ખર્ચ સાથે)**

| | અંગ્રેજી | અન્ય બધી ભાષા |
|---|---|---|
| વાર્ષિક | રૂા. ૦૭૦/- | રૂા. ૦૬૦/- |
| દ્વિવાર્ષિક | રૂા. ૧૩૫/- | રૂા. ૧૦૦/- |
| પંચવાર્ષિક | રૂા. ૩૨૫/- | રૂા. ૨૨૫/- |
| આજીવન | ------ | રૂા. ૫૦૦/- |

**વિદેશોમાં લવાજમ (બધી જ ભાષાઓ માટે)**

| | શાર્ક દેશ | અન્ય દેશ |
|---|---|---|
| વાર્ષિક | રૂા. ૩૦૦/- | US $ 20 |
| દ્વિવાર્ષિક | રૂા. ૬૦૦/- | US $ 40 |
| પંચવાર્ષિક | રૂા. ૧૫૦૦/- | US $ 80 |

આપનું લવાજમ અથવા કોઈ પણ પ્રકારની રોકડ રકમ રજીસ્ટર્ડ અથવા સામાન્ય ટપાલ દ્વારા કદી ન મોકલો. આવી રીતે મોકલવામાં આવેલી રકમ ગુમ થશે તો આશ્રમની જવાબદારી નહિ રહે. આથી રકમ મનીઑર્ડર અથવા ડ્રાફ્ટ ('ऋषि प्रसाद'ના નામથી, અમદાવાદ વટાવ) દ્વારા જ મોકલવા વિનંતી.


સંપર્ક સરનામું : 'ऋषि प्रसाद', સંત શ્રી આશારામજી આશ્રમ, સંત શ્રી આશારામજી બાપુ આશ્રમ માર્ગ, સાબરમતી, અમદાવાદ - ૩૮૦૦૦૫.
ફોન : (૦૭૯)૨૭૫૦૫૦૧૦-૧૧, ૩૯૮૭૭૭૮૮.
e-mail : ashramindia@ashram.org
web-site : www.ashram.org
: www.rishiprasad.org


## અનુક્રમ


- હેલિકોપ્ટર દુર્ઘટના કે દૈવી ચમત્કાર ! ૪
- તેઓ કહે છે... ૬
  - હવે બીજો કેવો ચમત્કાર જોઈએ ?
  - આ ઘટના ચમત્કારથી ઓછી નથી
  - પૂજ્ય બાપુને દૈવી શક્તિ પ્રાપ્ત છે
  - દુનિયામાં આ એવો પહેલો ચમત્કાર છે
- સાધના પ્રકાશ ૯
  - સર્વસાફલ્યદાયી સાધના
- ઉપાસના અમૃત ૧૧
  - સનાતન ધર્મનું પર્વ : શ્રાદ્ધ
- ગુરુ સંદેશ ૧૨
  - કંજૂસ નહિ, ઉદાર બનો
- વિચાર મંથન ૧૪
  - 'જૌ ગુર મિલહિં બિરંચિ સમ'
- પ્રસંગ માધુરી ૧૫
  - ભગવાન પણ કરે છે લીલાઓ
  - તર્કનો વિષય નથી ભગવાન
- 'મેરે સદ્‌ગુરુ સાઁવરે' (કાવ્ય) ૨૧
- એકાદશી માહાત્મ્ય ૨૨
  - એ દુકાળને બદલે છે સુકાળમાં
- પર્વ માંગલ્ય ૨૩
  - મિથ્યા કલંકથી બચવું
- સંયમની શક્તિ ૨૪
  - બ્રહ્મચર્યની સાધના શા માટે ?
- કોયડો ઉકેલો ● જ્ઞાનવર્ધક ઉખાણાં ૨૬
- ભાગવત પ્રવાહ ૨૭
  - ભગવદ્‌ભક્ત રાજા પૃથુ
- નર તન પામીને ન કર્યું તો ક્યારે કરશો ? ૨૮
- શરીર સ્વાથ્ય ૨૯
  - શરદ ઋતુમાં પથ્ય-અપથ્ય
  - પાપનાશક, બુદ્ધિવર્ધક સ્નાન
  - પુષ્ટિદાયક શિંગોડાં
- સંસ્થા સમાચાર ૩૧
- તુલસી ૩૪



## ટી.વી. ચેનલો પર પૂજ્ય બાપુનો સત્સંગ

| A2Z NEWS | संस्कार | आस्था | Care World | અધ્યાત્મ ટી.વી. | સત્સંગ ટી.વી. | MAGIK TV | वरदान | मंगलमय |
|---|---|---|---|---|---|---|---|---|
| A2Z ચેનલ 'ડિશ' ટી.વી. પર ચેનલ નં. 579 સવારે ૩, ૫-૩૦, ૭-૩૦ થી તથા રાત્રે ૧૦-૦૦ થી અને બપોરે ૨-૪૦ (મંગળ, ગુરુ, શનિવાર) | બપોરે ૨-૦૦ થી | સવારે ૯-૪૦ થી | સવારે ૭-૦૦ થી | સવારે ૯-૦૦ થી | રાત્રે ૧૦-૦૦ થી | સવારે ૬-૦૦ થી અને સાંજે ૬-૩૦ થી | સવારે ૮-૪૦ થી | www.ashram.org પર ઉપલબ્ધ |

A2Z ચેનલ રિલાયન્સના 'બીગ ટી.વી.' પર ચેનલ નં 425 તથા 'ડિશ ટી.વી.' પર ચેનલ નં. 579 પર ઉપલબ્ધ. સંસ્કાર ચેનલ રિલાયન્સના 'બીગ ટી.વી.' પર ચેનલ નં 651, 'ડિશ ટી.વી.' પર ચેનલ નં. 1113 તથા 'સન ટી.વી.' પર ચેનલ નં. 708 પર ઉપલબ્ધ. ઇન્ટરનેટ પર www.ashram.org/live લિંક ઉપર આશ્રમ ઇન્ટરનેટ ટી.વી. ઉપલબ્ધ. એમાં પૂજ્ય બાપુના મોટા ભાગના સત્સંગોનું જીવંત-પ્રસારણ પણ ઉપલબ્ધ રહે છે.

Opinions expressed in this magazine are not necessarily of the editorial board. Subject to Ahmedabad Jurisdiction.

# હેલિકોપ્ટર દુર્ઘટના કે દૈવી ચમત્કાર !

આમ તો હેલિકોપ્ટરોની દુર્ઘટનાઓ પહેલાં પણ ઘણી થઈ ચૂકી છે અને અવારનવાર થતી જ રહે છે પરંતુ ઇતિહાસમાં આવું આજ સુધી નથી બન્યું કે ૧૦૦ ફુટની ઊંચાઈથી બેકાબૂ થયેલું હેલિકોપ્ટર આગળની બાજુથી, સામે મોંએ જમીન પર અફળાય, એનો કચ્ચરઘાણ વળી જાય તો પણ એમાં બેઠેલા લોકોને જરાક પણ ઈજા ન થાય. આબેહુબ આ જ દ્રશ્ય તા. ૨૯ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ ગોધરા (ગુજ.)માં હજારો લોકોને પ્રત્યક્ષ જોવા મળ્યું.

પૂજ્ય બાપુ પૂર્ણિમા દર્શન-સત્સંગ કાર્યક્રમ માટે મોરબીથી ગોધરા આવવા માટે જે હેલિકોપ્ટર મારફતે આવી રહ્યા હતા એ હેલિકોપ્ટર ગોધરામાં ઊતરતી વખતે બેકાબૂ બન્યું અને આગળની બાજુથી જોરદાર ધમાકા સાથે જમીન પર પછડાયું. તેમજ ટુકડેટુકડા થઈને ચારે બાજુ વિખેરાઈ ગયું. આવી ભયંકર દુર્ઘટના થવા છતાં પૂજ્ય બાપુ કે જેઓ આગળની સીટ પર જ બેઠા હતા તેઓ તથા પાયલોટ અને બીજા ભક્તો સકુશળ બચી ગયા, કોઈને સહેજ પણ ઈજા ન પહોંચી. જોનારા દંગ રહી ગયા કે હેલિકોપ્ટરના તો ટુકડેટુકડા થઈ ગયા, ભારેખમ લોખંડના ટુકડા જુદા થઈને દૂર દૂર સુધી વિખેરાઈ ગયા પરંતુ અંદર બેઠેલા પૂજ્ય બાપુના નાજુક શરીરના અવયવો એકદમ સ્વસ્થ ! આ ઈશ્વરીય સત્તાનો ચમત્કાર નથી તો બીજું શું છે ?

વૈજ્ઞાનિકો પણ જાણે છે કે હેલિકોપ્ટરમાં વપરાતું સફેદ પેટ્રોલ અત્યંત જ્વલનશીલ હોય છે. જરાક જેટલો તણખો થતાં એ તત્કાળ ભયંકર આગ લગાડે છે, આસપાસના ઝાડ-છોડને પણ સળગાવી નાખે છે. દુર્ઘટના પછી હેલિકોપ્ટરમાંથી આ અત્યંત જ્વલનશીલ સફેદ પેટ્રોલ નળની ધારાની જેમ વહેતું હતું તો પણ વિસ્ફોટ ન થયો. હેલિકોપ્ટરના પાછલા ભાગમાં આગ પણ લાગી ગઈ હતી પણ એ ખૂબ જ આશ્ચર્યજનક રીતે ઓલવાઈ ગઈ !

આ દુર્ઘટનાનો અવાજ એટલો મોટો હતો કે એ સાંભળીને આસપાસના વિસ્તારોના રહીશો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પરંતુ બધાએ જોયું કે પૂજ્ય બાપુ બીજા ભક્તો સાથે બિલકુલ સુરક્ષિત બહાર આવ્યા. ન કોઈ લોહીનું દબાણ માપવાની જરૂર પડી કે ન હૃદયગતિ માપવાની જરૂર પડી. તત્કાળ પૂજ્ય બાપુ પહોંચ્યા સત્સંગ સ્થળે અને પોતાની હંમેશની અલમસ્ત મસ્તીમાં સત્સંગ કર્યો. આટલી મોટી દુર્ઘટના બની ગઈ છતાં પૂજ્ય બાપુ યથાવત્, બિલકુલ સહજ રૂપે સત્સંગ કરી રહ્યા હતા, ભક્તોને હસાવતાં-રમાડતાં, નાચતાં-નચાવતાં આનંદરસ છલકાવી રહ્યા હતા. આને આપણે ચમત્કાર ન કહીએ તો બીજું શું કહીશું ? આ આત્મતત્ત્વમાં જાગેલા એક બ્રહ્મજ્ઞાની, આત્મારામી સંતના મહિમાનું પ્રત્યક્ષ પ્રમાણ નથી તો બીજું શું છે ?

કોઈ એને એક બ્રહ્મનિષ્ઠ અવતારી મહાપુરુષનો ચમત્કાર કહે છે તો કોઈ ઈશ્વરની દિવ્ય લીલા, કોઈ એને યોગ-સામર્થ્યનો ચમત્કાર જણાવે છે તો કોઈ વૈદિક સંસ્કૃતિ અને સનાતન ધર્મની મહાનતા. સૌના શબ્દો ભલે જુદા હોય પણ એ તો સ્પષ્ટ થઈ ગયું કે ભગવત્પ્રાપ્ત સંત પૂજ્ય બાપુએ પોતાના જ આ વચનને સાકાર કરી દીધું છે - "ચીનની દીવાલ પ્રસિદ્ધ છે, કુવૈતનું પેટ્રોલિયમ પ્રસિદ્ધ છે, અમેરિકાના ડોલર પ્રસિદ્ધ છે પરંતુ ભારતની સનાતન વૈદિક સંસ્કૃતિના સંત ભગવદીય સામર્થ્ય માટે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે."

આજે દેશ જ નહિ, દુનિયાભરના લોકો ઇન્ટરનેટ અને ચેનલો દ્વારા હેલિકોપ્ટર દુર્ઘટનાના આ જીવંત દ્રશ્યને જોઈને આશ્ચર્યચકિત થઈ રહ્યા છે!

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલે દુર્ઘટના પછી પૂજ્ય બાપુના કુશળ સમાચાર વિશે ટેલિફોન પર પૃચ્છા કરી એ દરમિયાન જણાવ્યું કે એયરફોર્સના કેટલાક ઉચ્ચ અધિકારીઓને આવા

## હેલિકોપ્ટર દુર્ઘટનાઓમાં યાત્રીઓની સ્થિતિ

| તારીખ | સ્થાન | દુર્ઘટનાગ્રસ્ત વ્યક્તિઓની સ્થિતિ |
|---|---|---|
| ૯ મે ૨૦૦૧ | બોમડિલા (અરુણાચલ) | શિક્ષણમંત્રી ડેરા નૈતુંગ સહિત ૪ અન્યનાં મૃત્યુ |
| ૨ સપ્ટેમ્બર '૦૯ | રુદ્રકોડુ હિલ (આં.પ્ર.) | મુખ્યમંત્રી વાય.એસ.આર.રેડ્ડી સાથે ૪ અન્યનાં મૃત્યુ |
| ૧૯ નવેમ્બર '૧૦ | બોમડિર (અરુણાચલ) | ૧૨ લોકોનાં મૃત્યુ |
| ૨ ફેબ્રુઆરી '૧૧ | જાચકનગર, નાસિક (મહા.) | ૨ લોકોનાં મૃત્યુ |
| ૧૯ એપ્રિલ '૧૧ | તવાંગ (અરુણાચલ) | ૧૭ લોકોનાં મૃત્યુ |
| ૩૦ એપ્રિલ '૧૧ | કાયલાનો પર્વતીય વિસ્તાર (અ.પ્ર.) | મુખ્યમંત્રી દોર્જી ખાંડો સહિત ૪ અન્ય લોકોનાં મૃત્યુ |
| ૧૩ મે ૨૦૧૧ | સિરોહી (રાજસ્થાન) | પાયલોટ સાથે ૩ લોકોનાં મૃત્યુ |
| ૩૦ ઓગસ્ટ '૧૨ | જામનગર (ગુજરાત) | ૯ લોકોનાં મૃત્યુ |
| ૨૯ ઓગસ્ટ '૧૨ | ગોધરા (ગુજરાત) | સંત શ્રી આશારામજી બાપુ અને બીજા યાત્રીઓ બિલકુલ સુરક્ષિત |

પ્રકારની ભયંકર દુર્ઘટનામાં બધા જ લોકોનું બચી જવાનું કારણ પૂછ્યું તો બધાએ એક સ્વરમાં કહ્યું કે આ એકમાત્ર પૂજ્ય બાપુનો ચમત્કાર જ હતો નહિતર આવી દુર્ઘટનામાં કોઈનો બચવાનો કોઈ પ્રશ્ન જ નથી હોતો !

દુર્ઘટના પછી તરત જ વિવિધ ટીવી ચેનલો સૌના આબાદ બચાવની ઘટનાને પૂજ્ય બાપુનો ચમત્કાર જ બતાવી રહી હતી. વિવિધ છાપાંઓએ પણ આને એક અદ્‌ભુત, વિલક્ષણ, ચમત્કારિક ઘટના જણાવી.

''આ દુર્ઘટનામાં હેલિકોપ્ટરના ત્રણ ટુકડા થઈ ગયા પરંતુ આશારામજી સંપૂર્ણપણે સુરક્ષિત છે, આ એક ચમત્કાર જ માની શકાય.'' - **'ઝી ન્યૂઝ' ચેનલ**

''આ સદીના સૌથી ભાગ્યશાળી પુરુષ બન્યા આશારામજી બાપુ.'' - **'ટીવી ૯' ન્યૂઝ ચેનલ**

''આ હેલિકોપ્ટર પ્રકરણથી ભગવાને બસ પોતાનો ચમત્કાર જ દેખાડ્યો છે.''

- **'હિંદુસ્તાન' અખબાર**

''જેવી રીતે આ દુર્ઘટના થઈ અને એમાં સૌનું બચી જવું એક અદ્‌ભુત આશ્ચર્ય છે !

- **'એબીપી' ન્યૂઝ ચેનલ**

''દુર્ઘટનામાં પૂજ્ય બાપુ ચમત્કારિક રીતે બચી ગયા.'' - **'ધ પાયોનિયર' અખબાર**

''આ સંત શ્રી આશારામજી બાપુનો જ ચમત્કાર હતો કે જેને આખી દુનિયાએ જોયો.''

- **'એટુઝેડ' ન્યૂઝ ચેનલ**

''બ્રહ્મજ્ઞાની મહાકાળને કાળ પણ પ્રણામ કરીને જતો રહ્યો.'' - **દૈનિક 'આચરણ'**

આ ઘટનાને લીધે આજે વિશ્વની સર્વ હસ્તીઓ, બુદ્ધિજીવી વર્ગ, અન્ય ધર્મોના લોકો તથા નાસ્તિક સમુદાય પણ પૂજ્ય બાપુના સામર્થ્ય સમક્ષ નતમસ્તક થઈ રહ્યા છે. હેલિકોપ્ટરની આ દુર્ઘટના પૂજ્ય બાપુના નિંદકોની આંખો ખોલવા માટે પૂરતી છે. પૂજ્ય બાપુ આ દુર્ઘટનાને મંત્ર-વિજ્ઞાનનો ચમત્કાર જણાવતાં કહે છે : ''વૈદિક મંત્રોમાં એટલી શક્તિ છે કે જાપક પોતાનું અકાળ મૃત્યુ તો ટાળી જ શકે છે તેમજ સાથેના લોકોનું પણ રક્ષણ કરી શકે છે ! ગુરુગીતાનો પાઠ કરનારનું અકાળ મૃત્યુ ટળી જાય છે. એના મહિમાની પ્રશંસા કરતાં ભગવાન શંકરે કહ્યું છે : **अकालमृत्युहंत्री च सर्वसंकटनाशिनी ।''**

પૂજ્ય બાપુએ પોતાના સત્સંગ-પ્રવચનોમાં મંત્રજપનો મહિમા જણાવતાં ઘણી વખત કહ્યું છે કે મંત્રજપની અમુક સંખ્યા થવાથી જન્મ-કુંડળીનું અમુક સ્થાન શુદ્ધ થઈ જાય છે. જેમ કે, ૮ કરોડ મંત્રજપથી જન્મ-કુંડળીનું મૃત્યુ સ્થાન શુદ્ધ થાય છે.

જેનાથી જાપકનું ક્યારેય અપમૃત્યુ નથી થઈ શકતું.

આજે ભારત જ નહિ, સમગ્ર વિશ્વમાં આ ઘટનાની ચર્ચા થઈ રહી છે અને જે પણ સાંભળે છે એ પૂજ્ય સંત શ્રી આશારામજી બાપુના સામર્થ્ય અને મહિમાથી અભિભૂત થઈ જાય છે.

## આશારામજી બાપુના ચમત્કારથી જ અમે લોકો બિલકુલ ક્ષેમકુશળ છીએ

**- દુર્ઘટનાગ્રસ્ત હેલિકોપ્ટરનો પાયલોટ**

"હેલિકોપ્ટરમાં લેન્ડિંગ વખતે શું તકલીફ નડી એ તો તપાસ પછી ખબર પડશે. આ તો આશારામજી બાપુનો ચમત્કાર જ છે કે હેલિકોપ્ટરની આટલી ભયંકર દુર્ઘટના થઈ તો પણ અમે લોકો બિલકુલ ક્ષેમકુશળ છીએ. પૂજ્ય બાપુના આશીર્વાદથી કોઈને સહેજ પણ ઈજા ન પહોંચી."

## પૂજ્ય બાપુની આભાના પ્રભાવથી મૃત્યુના મુખમાંથી હસતાં-રમતાં બહાર આવી ગયા

**- હેલિકોપ્ટર પ્રવાસી અશ્વિન યાદવ, રાજકોટ**

"મારા પૂર્વ જીવનમાં બાઈક પર પણ બે-ત્રણ વખત દુર્ઘટના થઈ હતી પરંતુ આટલી નિર્ભયતા નહોતી જેટલી આ હેલિકોપ્ટર દુર્ઘટનામાં પૂજ્ય બાપુ સાથે મેં અનુભવી. આટલી મોટી જીવલેણ દુર્ઘટના ઘટી પણ પૂજ્ય બાપુની આભાના પ્રભાવને લીધે અમે હસતાં-રમતાં મૃત્યુના મુખમાંથી બહાર આવી ગયા, મૃત્યુનો સહેજ પણ ભય ન લાગ્યો. પહેલાં હું પૂજ્ય બાપુને શરીરરૂપે ભજતો હતો પણ હવે મને અનુભવ થઈ ગયો છે કે પૂજ્ય બાપુ સાક્ષાત્ પાલનહાર, તારણહાર જ છે. **वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ।** 'ગીતા'માં જેમનો મહિમા શ્રીકૃષ્ણ ગાય છે, પૂજ્ય બાપુ એ જ છે.'

## એ મારા માટે તો ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન

"આટલી ઘાતક દુર્ઘટનામાં બધાનો બચાવ થયો એ મારા માટે તો ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન જ છે." **- નરેશ મંગનાણી, પ્રત્યક્ષદર્શી**




## હવે બીજો કેવો ચમત્કાર જોઈએ ?

**- 'વિશ્વ હિંદુ પરિષદ'ના મુખ્ય સંરક્ષક અને પૂર્વ આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અશોક સિંઘલ**

"પરમ પૂજ્ય બાપુ ! આપણા સંતો વિરુદ્ધ નાસ્તિકોનું ઘણું મોટું કાવતરું ચાલી રહ્યું છે. હું તો એ જોઈ રહ્યો છું કે સંતો પર જે આરોપો લગાવવામાં આવી રહ્યા છે એ બધા કાવતરું કરીને લગાવવામાં આવી રહ્યા છે. આ કાવતરું ગુજરાતમાં, તામિલનાડુમાં સફળ છે અને બીજાં સ્થાનો પર પણ આ જ હાલ છે. આપણે એમ જ વિદેશી શક્તિઓનાં કાવતરાં વચ્ચે બહુ ફસાયેલા છીએ. **પણ આપણા લોકો આ કાવતરાંને સમજતા જ નથી. આ કાવતરાંના શિકાર છે બધા.** નાસ્તિક હોવાને લીધે બહુ સરળતાથી શિકાર થઈ જાય છે.

અત્યારે પૂજ્ય બાપુનો પ્રભાવ કેવો છે એ અહીં દેખાઈ રહ્યો છે. આ કરોડો કરોડો લોકો એમના સાંનિધ્યમાં સત્સંગનું રસપાન કરીને સુખ-શાંતિનો પ્રસાદ પામી રહ્યા છે પરંતુ વિટંબણા એ છે કે આ દેશને ધર્મનિરપેક્ષ જાહેર કરીને લોકો સામે આપણી ઓળખ બતાવવામાં આવે છે કે જાણે આપણે નાસ્તિક છીએ, ધર્મવિહીન છીએ. સંસ્કૃતિને નાબૂદ કરવાનો આ કેવો પ્રયત્ન ચાલી રહ્યો છે !"

સત્સંગ આયોજનમાં અવરોધ ઉત્પન્ન કરનારાં તત્ત્વોની તથા એમના પર અંકુશ લગાવવાને બદલે સત્સંગના આયોજકોને પરેશાન કરનારાઓને કડક શબ્દોમાં વખોડતાં હિંદુઓના સૌથી મોટા અને શક્તિશાળી સંગઠન વિ.હિ.પ.ના

મુખ્ય સંરક્ષક-માર્ગદર્શક અને પૂર્વ અંતર્રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અશોક સિંઘલજીએ કહ્યું : "મારું મન તો બહુ દુઃખી છે, બહુ દુઃખી ! હું પૂછું છું કે કેટલાંક અસામાજિક તત્ત્વો સત્સંગમાં આવીને અવરોધ ઉત્પન્ન કરવા લાગી ગયાં તો શું તમારા 'કાયદા અને વ્યવસ્થા'માં સમસ્યા થઈ રહી છે ? શું એ જગ્યાએ પૂજ્ય બાપુનો સત્સંગ ન થઈ શકે ? મહારાજજી ! મને તો એ જ દુઃખ થાય છે કે આ લોકો વિદેશીઓનાં કાવતરાં સમજવાને બદલે આપને કેટલું કષ્ટ આપી રહ્યા છે, બીજા સંતોને કેટલું કષ્ટ આપી રહ્યા છે ! ક્યાંય પણ આપણા સંતોનું જીવન સુરક્ષિત નથી, હિંદુ સમાજ સુરક્ષિત નથી. આજે એનું રક્ષણ કરનાર કોઈ નથી. હવે એવી પરિસ્થિતિમાં અમે તો એ જ આશા કરીએ છીએ **બાપુ ! કે આપણા સંતોએ જ આજ સુધી આ દેશનું રક્ષણ કર્યું છે, સમાજનું રક્ષણ કર્યું છે. આપ જ અમારો વિશ્વાસ છો કે આપ જ કંઈક કરશો તો આ દેશમાં પરિવર્તન આવશે."**

**પૂજ્ય બાપુ :** "હવે આપની આ વાતોથી અને સમાજમાં થઈ રહેલા અત્યાચારો જોઈને લાગે છે કે આપણે એક આધ્યાત્મિક સંપુટ આપીને કોઈ કાર્યક્રમ ઘડવો પડશે કે જેથી આપણી સંસ્કૃતિનું સામર્થ્ય સંસ્કૃતિના પૂજારીઓને મળે જ. ઉપરાંત સંસ્કૃતિ-વિરોધીઓને પણ સંત-શક્તિનો અનુભવ કરાવવો પડશે. ઘણી બધી શક્તિઓ છે આપણી સંસ્કૃતિમાં, યૌગિક શક્તિઓ, ફક્ત આપણે થોડા સંગઠિત થઈ જઈએ અને એકબીજાને સમજીને એ દિશામાં કામ કરવા લાગીએ. એ લોકો આપણને નાબૂદ કરવા માગે છે તો આપણે પણ એટલા જ દ્રઢ બની જઈએ. આજનો દિવસ આપના ચિત્તની ચિંતા, હિંદુ ધર્મ ઉપર કાવતરાં અને અત્યાચાર થઈ રહ્યાં છે એ વિશે પરમ સત્તા સાથે જોડાઈને કામ કરવાની પ્રેરણા આપનાર દિવસ થશે. પરમ સત્તા આગળ કાવતરાં કરનારાઓનું કોઈ મહત્ત્વ જ નથી હોતું, ફક્ત આપણે પરમ સત્તા સાથે જોડાઈને ચાલવા લાગીએ."

જાન્યુઆરી ૨૦૧૩માં શરૂ થઈ રહેલ પ્રયાગ મહાકુંભમાં હિંદુ સશક્તિકરણમાં મહત્ત્વની ભૂમિકા નિભાવવા માટે પૂજ્ય બાપુને આમંત્રણ આપતાં અશોક સિંઘલજીએ કહ્યું :

"પૂજ્ય બાપુ ! પ્રયાગમાં મહાકુંભ છે. ત્યાં તો બધાં આધ્યાત્મિક સંગઠનો અને જનસમાજ સંગઠિત થઈને ભેગાં થશે. પૂજ્ય બાપુ ! આપ કંઈક કરશો તો ત્યાં ઘણા બધા નિર્ણયો થઈ શકશે. આટલી ભારે હેલિકોપ્ટર દુર્ઘટનામાં પણ બિલકુલ સુરક્ષિત રહેવાનો જે ચમત્કાર આપની સાથે થયો છે એણે આખી દુનિયાએ જોઈ લીધો છે."

નાસ્તિકો, નિંદકો અને અસામાજિક તત્ત્વોને ચિમકી આપતાં સિંઘલજીએ સવાલ કર્યો : "હવે તમારે બીજો કયો પરચો જોઈએ છે ? બીજો કેવો ચમત્કાર જોઈએ છે ? હવે તો તમારી હરકતો છોડો."

**પૂજ્ય બાપુ :** "આપનો સંકલ્પ નિઃસ્વાર્થ સંકલ્પ છે, પરહિતનો સંકલ્પ છે અને હવે આ એકલો તમારો સંકલ્પ નથી, મારો પણ સંકલ્પ તમારા સંકલ્પ સાથે જોડાઈ ગયો છે અને મારા કરોડો ભક્તોનો સંકલ્પ પણ આજે તમારા સંકલ્પ સાથે જોડાઈ રહ્યો છે. આથી એ શુભ દિવસો આવશે, આવશે, આવશે, ચોક્કસ જ આવશે."

## આ ઘટના ચમત્કારથી ઓછી નથી

**- શ્રી સુશીલકુમાર શિંદે, કેન્દ્રીય ગૃહમંત્રી અને કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ**

"સંત શ્રી આશારામજી બાપુનું હેલિકોપ્ટર અનિયંત્રિત થઈને જોરદાર ધડાકા સાથે જમીન પર પછડાઈને ટુકડેટુકડા થઈ ગયું. આ દુર્ઘટનામાં પૂજ્ય બાપુ આગળની સીટ પર જ બેઠા હતા છતાં એમને તથા પાયલોટ અને બીજા ભક્તોમાંથી કોઈને પણ સહેજ પણ ઈજા ન થઈ. આ ઘટના કોઈ ચમત્કારથી ઓછી નથી, એવું હું માનું છું.

પૂજ્ય બાપુની જનતાને સમર્પિત સેવાઓ સૌ કોઈ જાણે જ છે. હું પૂજ્ય બાપુના ઉત્તમ સ્વાસ્થ્ય માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું."

## પૂજ્ય બાપુને દૈવી શક્તિ પ્રાપ્ત છે

**- ભાજપના મુખ્ય સંસદસભ્ય, અગ્ર નેતા અને પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજનાથસિંહ**

"હું મારું શિશ નમાવીને પરમ પૂજ્ય સંત શ્રી આશારામજી બાપુનાં ચરણોમાં શત શત પ્રણામ કરું છું. હું જાણું છું આ સચ્ચાઈને, ભલે ભારતના કોઈ મુખ્યમંત્રી કે વડાપ્રધાન હોય અને એમની આખી પાર્ટી દ્વારા જો એમની કોઈ સાર્વજનિક સભા યોજવી હોય તો પણ આટલો મોટો જનસમૂહ ભેગો નથી કરી શકાતો જેટલો મોટો જનસમૂહ આજે પરમ પૂજ્ય બાપુનાં દર્શન માટે અહીં મારી આંખો સામે હું જોઈ રહ્યો છું. સવારે ૭ વાગ્યાથી બપોરે ૧૨.૩૦ સુધી આટલી ભીડ જામી રહે એવું કોઈ પણ મુખ્યમંત્રી, વડાપ્રધાનની સભામાં નથી બનતું, જે હું અહીં જોઈ રહ્યો છું. ભારત ધર્મપ્રધાન દેશ છે, ભારત અધ્યાત્મપ્રધાન દેશ છે. મનુષ્યના વ્યક્તિત્વનો સમગ્ર વિકાસ ફક્ત ભૌતિક વિકાસ દ્વારા નથી થઈ શકતો પરંતુ એની સાથે આધ્યાત્મિક વિકાસ પણ થવો જોઈએ. પરમ પૂજ્ય બાપુના દેશભરમાં તથા દુનિયાના બીજા દેશોમાં જે પ્રવચનો ચાલે છે એમના દ્વારા આ જ અધ્યાત્મની પ્રેરણા આપણને સૌને મળતી રહે છે. હું પુનઃ એમનાં ચરણોમાં શિશ નમાવીને એમને હૃદયના ઊંડાણથી પ્રણામ કરું છું. ભારતીય સંસ્કૃતિમાં આસ્થા રાખનારા લોકો પર આ પરમાત્માની અસીમ કૃપા છે કે આટલી મોટી હેલિકોપ્ટર દુર્ઘટના થઈ અને પરમ પૂજ્ય બાપુ તથા એમના સહયોગીઓનો વાળ પણ વાંકો ન થયો.

આપણા પરમ પૂજ્ય બાપુને દૈવી શક્તિ પ્રાપ્ત છે. પરમાત્માએ એમનામાં જે શક્તિ સમાહિત કરી છે એનો જ આ ચમત્કાર હતો. એનું જ આ પરિણામ હતું કે પરમ પૂજ્ય આશારામજી બાપુ અને એમના કોઈ પણ સહયોગીને લેશમાત્ર પણ ઈજા ન પહોંચી. મેં આવી દુર્ઘટના ક્યારેય મારા જીવનમાં જોઈ નહોતી. જેણે પણ આ દુર્ઘટના ટેલીવિઝન પર જોઈ, બધા એમ જ માની ચૂક્યા હતા કે આમાં કોઈ બચ્યું નહિ હોય પરંતુ ક્ષણવારમાં જોયું હશે તમે લોકોએ કે ઈશ્વરની ખૂબ જ અનુકંપાથી તદ્દન હેમખેમ આપણા સૌના આસ્થા અને વિશ્વાસના કેન્દ્ર પરમ પૂજ્ય સંત આશારામજી બાપુ પોતાના સહયોગીઓ સાથે બહાર આવ્યા અને આજે પ્રત્યક્ષ આપણે સૌ પોતાનાં ચક્ષુઓથી એમનાં દર્શન કરી રહ્યા છીએ."

## દુનિયામાં આ આવો પહેલો ચમત્કાર છે

**- અખિલ ભારતીય આતંકવાદ વિરોધી મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મનિંદરજીતસિંહ બિટ્ટા**

"દુનિયામાં કરોડો લોકોની આસ્થાના પ્રતીક બાપુ આશારામજી છે. મોટા મોટા મંત્રીઓ, મુખ્યમંત્રીઓ જેમની પાસે સત્તા હતી, એમના હેલિકોપ્ટરો પડ્યાં તો કોઈ સલામત ન બચ્યું પરંતુ પૂજ્ય બાપુ સાથે આટલી મોટી દુર્ઘટના થઈ અને કોઈને પણ એક કાંકરીની પણ ઈજા ન પહોંચી ! દુનિયામાં આ પ્રકારનો પહેલો ચમત્કાર છે.

જે લોકોએ પૂજ્ય બાપુના સત્સંગમાં વિઘ્નો નાખીને, એમના સત્સંગીઓને સતાવીને મહારાજજીના હૃદયને ઠેસ પહોંચાડવાની કોશિશ કરી છે અને કરોડો જનતાનાં દિલ વારંવાર દુભવ્યાં છે એમણે આજે સમજી લેવું જોઈએ કે આ ચમત્કાર છે ! ચમત્કાર છે ભગવાનનો, પૂજ્ય બાપુનો ચમત્કાર છે ! હવે તો ભાઈલા ! દિલ ન દૂભવો. હવે લોકોને એક નવું શિક્ષણ, એક નવો વિચાર આપવા માટે પૂજ્ય બાપુ તરફ નિહાળો અને તમે પણ એક નવીન વિચાર તરફ આગળ વધો."

### પુણ્યદાયક તિથિઓ

- **મંગળવારી ચોથ : ૧૮ સપ્ટેમ્બર** રાત્રે ૧૧-૫૯ થી સૂર્યોદય સુધી
- **ગણેશ ચોથ-કલંક ચોથ : ૧૯ સપ્ટેમ્બર** રાત્રે ૯-૧૦ સુધી ચંદ્ર-દર્શન નિષિદ્ધ
- **રવિવારી સાતમ : ૭ ઓક્ટોબર** સૂર્યોદયથી રાત્રે ૧૨-૦૬ સુધી




# સર્વસાફલ્યદાયી સાધના

**(પૂજ્ય બાપુની પાવન અમૃતવાણી)**

આ વખતે ચાતુર્માસ નિમિત્તે હું એક એવી સાધના લાવ્યો છું કે તમે ફક્ત પાંચ મિનિટ રાત્રે સૂતી વખતે અને પાંચ મિનિટ સવારે ઊઠતી વખતે આ સાધના કરશો તો જે પણ તમારી સાધના હશે એનો પ્રભાવ સો ગણો થઈ જશે અને છ મહિનાની અંદર તમે સમાધિનો પ્રસાદ પામી શકશો. ઈશ્વરની શરણાગતિનું સામર્થ્ય તમારા જીવનમાં છલકાઈ શકશે. સાક્ષાત્કારની મધુરતાનો સ્વાદ તમે ચાખી શકશો.

શું કરશો ? રાત્રે સૂતી વખતે પૂર્વ કે દક્ષિણ તરફ માથું રાખીને સૂવું. પશ્ચિમ કે ઉત્તર તરફ માથું રાખીને સૂશો તો ચિંતા, બીમારી, વિષાદ પીછો નહિ છોડે. ચત્તા સૂઈ જવું. પછી શ્વાસ અંદર ગયો તો 'ૐ', બહાર આવ્યો તો ગણતરી. પછી પગના નખથી શૌચ જવાની ઇન્દ્રિય સુધી શરીરનો ભાગ છે એ પૃથ્વીનો છે, પૃથ્વીતત્ત્વ છે. શૌચ-ઇન્દ્રિયથી ઉપર પેશાબની ઇન્દ્રિયની આસપાસ સુધી જળીય અંશની પ્રધાનતા છે અને એનાથી ઉપર નાભિ સુધી અગ્નિ દેવતાની, જઠરાગ્નિની પ્રધાનતા છે. બહારના અગ્નિથી એ વિલક્ષણ છે. નાભિથી હૃદય સુધી વાયુ દેવતાની પ્રધાનતા છે. આથી હૃદય, મન વાયુની જેમ ભાગતું રહે છે અને હૃદયથી કંઠ સુધી આકાશ તત્ત્વની પ્રધાનતા છે.

રાત્રે સૂવો ત્યારે પૃથ્વીને જળમાં, જળને તેજમાં, તેજને વાયુમાં અને વાયુને આકાશમાં લીન કરો. પછી લીન કરનારું મન બચે છે. પછી મન જ્યાંથી સ્ફુરિત થાય છે, મનને પોતાના મૂળ સ્થાન 'હું'માં લીન કરો. શાંતિ... શાંતિ... જેમ સાગરનાં મોજાં શાંત કરો તો શાંત સાગર છે એમ શાંતિ... શાંતિ... - આમ કરતાં કરતાં ઈશ્વરીય સાગરમાં શાંતિનો અભ્યાસ કરતાં કરતાં તમે સૂઈ ગયા. 'બધું પરમાત્મામાં વિલય થઈ ગયું, હવે છ કલાક મારે કંઈ જ નથી કરવું.

પાંચ ભૂતના એક શરીરને મેં પાંચ ભૂતોમાં સમેટીને પોતાને પરમાત્મામાં વિલય કરી લીધો છે. હવે કોઈ ચિંતા નથી, કોઈ કર્તવ્ય નથી, કંઈ પ્રાપ્તવ્ય નથી. કોઈ દોડધામ નહિ, કોઈ સંકલ્પ નહિ, અત્યારે તો હું ભગવાનમાં છું, ભગવાન મારા છે. હું ભગવાનના શરણે છું...' - એમ વિચારશો તો ભગવાનની શરણાગતિ સિદ્ધ થશે અથવા તો ચિંતન કરો કે 'મારું ચિત્ત શાંત થઈ રહ્યું છે. હું શાંત આત્મા થઈ રહ્યો છું. આ પાંચ ભૂતોની પ્રક્રિયાથી પસાર થતાં, પાંચ ભૂતોને જે સત્તા આપે છે એ સત્તા સ્વભાવમાં હું શાંત થઈ રહ્યો છું.' એનાથી સમાધિ પ્રાપ્ત થઈ જશે. અથવા તો 'આ પાંચેય ભૂતોને સમેટીને હું સાક્ષી બ્રહ્મમાં વિશ્રામ કરી રહ્યો છું.' તો સાક્ષીભાવમાં તમે જાગી જશો. અથવા તો 'આ પાંચેયને સમેટીને સોઽહં... હું આ પાંચેય ભૂતોથી ન્યારો છું, આકાશથી પણ વ્યાપક બ્રહ્મ છું.'

આમ કરીને સૂશો તો આ સાધના તમને પરાકાષ્ઠાની પરાકાષ્ઠા સુધી પહોંચાડી દેશે. બિલકુલ સરળ સાધન છે. ૧૮૦ દિવસમાં એક પણ દિવસ ખાલી ન જાય. શરણાગતિ જોઈએ, ભગવદ્ભાવ જોઈએ, સાક્ષીભાવ જોઈએ અથવા બ્રહ્મસાક્ષાત્કાર જોઈએ - બધાની

સિદ્ધિ એનાથી થશે.

રાત્રે સૂતી વખતે આ કરવું અને સવારે જ્યારે ઊઠો તો કોણ ઊઠ્યું ? જેમ રાતને સમેટી તો સવાર જાગ્રત કરો. મન જાગ્યું, પછી આકાશમાં આવ્યું, આકાશનો પ્રભાવ વાયુમાં આવ્યો, વાયુનો પ્રભાવ અગ્નિમાં, અગ્નિનો જળમાં, જળનો પૃથ્વીમાં અને બધો વ્યવહાર ચાલ્યો. રાતને સમેટી અને સવારને ફરી જાગ્રત કરી, ઊતરી આવ્યા. બહુ જ સરળ સાધના છે અને એકદમ ચમત્કારી ફાયદો આપશે. સૂવો તો છો જ રોજ અને જાગો પણ છો. એમાં કોઈ વિશેષ પરિશ્રમ નથી, વિશેષ કોઈ રીત નથી. ફક્ત ૧૮૦ દિવસોમાં એક દિવસ પણ રહી ન જાય, કરવું છે, કરવું છે, બસ કરવું છે એમ વિચારશો તો આરામથી થઈ શકે છે.

તમારી નાભિ જઠરાગ્નિ છે. અગ્નિ નીચે ફેલાયેલ રહે છે અને ઉપર જ્વાળા હોય છે. તો ધ્યાન-ભજન વખતે જઠરાગ્નિના સ્થાને ત્રિકોણની ભાવના કરો અને ચિંતન કરો કે ‘આ પ્રદીપ્ત જઠરાગ્નિમાં હું અવિદ્યાને સ્વાહા કરું છું. જે મારી અને મારા ઈશ્વર વચ્ચેની અણસમજ છે અથવા તો જે વસ્તુ પહેલાં નહોતી અને પછી નહિ રહે એ અવિદ્યમાન વસ્તુઓને, અવિદ્યમાન પરિસ્થિતિઓને સાચી માનીને જે ભટકાવે છે એ અવિદ્યાને હું જઠરાગ્નિમાં સ્વાહા કરું છું : **अविद्यां जुहोमि स्वाहा ।**’ અર્થાત્ અણસમજની મેં આહુતિ આપી દીધી.

અવિદ્યાનું ફળ શું હોય છે ? અસ્મિતા, દેહને ‘હું’ માનવો. દેહને ‘હું’ માનીએ છીએ તો અસ્મિતાનું ફળ શું હોય છે ? રાગ, જે મારા છે એમના પ્રત્યે વલણ થશે અને જે મારા નથી એમને હું શોષિત કરીને અહીં લાવું. રાગ જીવને પોતાની વાસ્તવિકતાથી પતિત કરે છે અને દ્વેષ પણ જીવને પોતાની મહાનતાથી પતિત કરે છે. તો **अस्मितां जुहोमि स्वाहा ।** ‘હું અસ્મિતાને અર્પિત કરું છું.’ **रागं जुहोमि स्वाहा ।** ‘હું રાગને અર્પિત કરું છું.’ **द्वेषं जुहोमि स्वाहा ।** ‘દ્વેષને પણ હું અર્પિત કરું છું.’ પછી છેલ્લું, પાંચમું વિઘ્ન આવે છે, અભિનિવેશ - મૃત્યુનો ભય. મૃત્યુનો ભય રાખવાથી કોઈ મૃત્યુથી બચ્યું હોય એ મેં આજ સુધી નથી જોયું- સાંભળ્યું, એવો માણસ જલદી મરે છે. **अभिनिवेशं जुहोमि स्वाहा ।** ‘મૃત્યુના ભયને હું સ્વાહા કરું છું.’

અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ - આ પાંચ ચીજો જીવને ઈશ્વરથી અલગ કરે છે. આ પાંચેયને જઠરમાં સ્વાહા કરો. શરૂમાં ભલે સાત મિનિટ લાગે પછી પાંચ લાગશે, ચાર લાગશે, કોઈ મુશ્કેલ નથી.

જો સગુણ ભગવાનને ઈચ્છતા હો તો સગુણ ભગવાનની શરણાગતિ છ મહિનામાં જ સિદ્ધ થઈ જશે. જો સમાધિ ઈચ્છતા હો તો છ મહિનામાં સમાધિ સિદ્ધ થઈ જશે. જો નિર્ગુણ, નિરાકાર ભગવાનનો સાક્ષાત્કાર ઈચ્છતા હો તો પણ છ મહિનાની અંદર સિદ્ધ થઈ જશે. આમાં કંઈ પકડવાનું નથી, કંઈ છોડવાનું નથી, કંઈ વ્રત નથી, કંઈ ઉપવાસ નથી, ખૂબ જ યુક્તિયુક્ત, કલ્યાણકારી સાધના છે.

# સ્વાતિનાં મોતી

ૠ વાસ્તવમાં રોગો પ્રારબ્ધથી ઓછા થતા હોય છે, રોગોનું મુખ્ય કારણ કુપથ્ય અથવા અસંયમ જ હોય છે. કુપથ્ય છોડી દો તો રોગ ઘણા ઓછા થઈ જશે. જો કે પ્રારબ્ધના કારણે દુઃખ ઓછું આવે છે, મોટા ભાગના દુઃખનું કારણ તો મૂર્ખતા, રાગ-દ્વેષ અને ખરાબ સ્વભાવ જ હોય છે.

ૠ ચિંતાથી અનેક રોગો થાય છે. કોઈ રોગ હોય તો એ ચિંતાથી વધે છે. ચિંતા ન કરવાથી રોગ જલદી સારો થાય છે. હંમેશાં પ્રસન્ન રહેવાથી પ્રાયઃ રોગો નથી થતા, જો થાય પણ છે તો એની અસર ઓછી થાય છે.




# સનાતન ધર્મનું પર્વ : શ્રાદ્ધ

**(શ્રાદ્ધ પક્ષ : ૨૯ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર)**

શ્રાદ્ધ-કર્મ શ્રદ્ધા-સંપાદ્ય છે. જે શ્રાદ્ધ કરે છે એનામાં શ્રદ્ધાનો ઉદય થાય છે અને એને મૃત્યુ પછી પણ જીવાત્માનું અસ્તિત્વ રહે છે એ વાત પર વિશ્વાસ બેસે છે. કર્મના ફળદાતા ઈશ્વર જ છે. આથી શ્રદ્ધા પ્રદત્ત પદાર્થો ઈશ્વરની દ્રષ્ટિમાં જાય છે અને પછી જ્યાં જીવાત્મા હોય છે ત્યાં એને સુખ પહોંચાડે છે. જો જીવાત્મા મુક્ત થઈ ગયો હોય તો શ્રાદ્ધનું ફળ કર્તાને મળી જાય છે. એ ફળ પ્રદત્ત પિંડ કે પદાર્થના રૂપમાં નથી આવતું પરંતુ એના સુખની પ્રાપ્તિ કર્તાને થાય છે. શ્રાદ્ધમાં અપાતા પદાર્થો તો શ્રદ્ધા મોકલવાની ફક્ત એક પ્રક્રિયા છે કેમ કે શ્રદ્ધા દેવતા છે અને એ દેવતા કોઈ વાહન કે ક્રિયા વિના ક્યાંય નથી જતા. પરંતુ જો હાથ જોડી લો, બે ફૂલ ચઢાવી લો તો એ શ્રદ્ધેય પાસે જાય છે. શાસ્ત્રસંમત શ્રાદ્ધકર્મ અવૈજ્ઞાનિક નથી, એની પાછળ બહુ મોટું વિજ્ઞાન છે.

જ્યારે જીવાત્મા આ સ્થૂળ દેહથી અલગ પડી જાય છે ત્યારે એ સ્થિતિને મૃત્યુ કહે છે. આ ભૌતિક શરીર ૨૭ તત્ત્વોના સંઘાતથી બનેલું છે. સ્થૂળ પંચમહાભૂતો અને સ્થૂળ પંચકર્મેન્દ્રિયોને છોડવાથી અર્થાત્ મૃત્યુને પ્રાપ્ત થયા પછી પણ ૧૭ તત્ત્વોથી બનેલું સૂક્ષ્મ શરીર રહે છે. જીવ સ્વજનોમાં આસક્તિવશ એમની આસપાસ ફરતો રહે છે. આથી મોહવશ એ ભટકે નહિ તથા એની આસક્તિ મટે અને એ આગળની યાત્રા કરે એ માટે એનું 'બેસણું' રાખવામાં આવે છે. એ દિવસે સંબંધીઓ ભેગા થઈને ચર્ચા કરે છે કે 'ફલાણો ભાઈ, ફલાણા સાહેબ આપણી વચ્ચે ન રહ્યા, ભગવાન એમના આત્માને શાંતિ આપે. સ્થૂળ શરીર તો જડ છે અને આત્મા ક્યારેય મરતો નથી, એ શાશ્વત છે, એને કોઈ બંધન નથી, એ સ્વયં જ આનંદસ્વરૂપ છે.'

સૂક્ષ્મ શરીરધારી જીવ આ લોકના સતત અભ્યાસને લીધે પરલોકમાં પણ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષા કરે છે પરંતુ એ અભિલાષાઓની પૂર્તિ 'ભોગાયતન' દેહ ન હોવાને લીધે નથી કરી શકતો, પરિણામે સંતાપ પામે છે. શ્રાદ્ધકર્મથી સૂક્ષ્મ જીવને તૃપ્તિ મળે છે.

## શ્રાદ્ધનું વૈજ્ઞાનિક વિવેચન

અન્ય માસ કરતાં શ્રાદ્ધના દિવસોમાં ચંદ્રમા પૃથ્વીની અતિ નિકટ રહે છે. આ જ કારણે એની આકર્ષણ શક્તિનો પ્રભાવ પૃથ્વી તથા પ્રાણીઓ પર વિશેષ રૂપે પડે છે. એ વખતે પિતૃલોકમાં જવાની પ્રતીક્ષા કરી રહેલા સૂક્ષ્મ શરીરયુક્ત જીવોને એમના પરિજનો દ્વારા પ્રાપ્ત પિંડના સોમ અંશથી તૃપ્ત કરીને પિતૃલોક પ્રાપ્ત કરાવવામાં આવે છે.

શ્રાદ્ધના સમયે પૃથ્વી પર કુશ રાખીને એના ઉપર પિંડ મૂકી એના પર જવ, તલ, દૂધ, મધ, તુલસીપત્ર વગેરે મૂકવામાં આવે છે. ચોખા અને જવમાં શીત વિદ્યુત, તલ અને દૂધમાં ગરમ વિદ્યુત તથા તુલસીપત્રમાં બંને પ્રકારનાં વિદ્યુત હોય છે. મધનો વિદ્યુત બીજા બધા પદાર્થોના વિદ્યુત તથા વેદમંત્રોને મેળવીને એક સાથે કરી દે છે. કુશાઓ પિંડના વિદ્યુતને પૃથ્વીમાં નથી જવા દેતી. મધે જે અલૌકિક વિદ્યુત ઉત્પન્ન કર્યો હતો એ શ્રાદ્ધકર્તાની માનસિક શક્તિથી પિતૃઓ અને પરમેશ્વર પાસે જાય છે તથા પિતૃઓ તૃપ્ત થાય છે. (શેષ પાન ૧૫ ઉપર)




# કંજૂસ નહિ, ઉદાર બનો

(પૂજ્ય બાપુની જ્ઞાનમયી અમૃતવાણી)

## કંજૂસ કોણ છે ?

જે કર્મ કરે છે અને નશ્વર ચીજો ઇચ્છે છે, પોતાની ઈચ્છાઓ, વાસનાઓ, માન્યતાઓ નથી છોડતો એ કંજૂસ છે. જે ફળની ઈચ્છા રાખે છે કે થોડાં થોડાં કામથી ફળની ઈચ્છા રાખે છે એ કંજૂસ છે. બુદ્ધિયોગના શરણે જાઓ. જે કંઈ તમે ઈચ્છતા હો એ નષ્ટ થઈ જશે આથી ઈચ્છા છોડીને કર્તવ્ય કરો.

## ઉદાર કોણ છે ?

જે પોતાની ઈચ્છા-વાસનાઓ અને પકડ છોડીને પોતાનું હૃદય ભગવદ્જ્ઞાનથી, ભગવદ્-આનંદથી, ભગવદ્સમતાથી, ભગવદ્વિશ્રાંતિથી ઓતપ્રોત કરવા માટે સંતની 'હા'માં 'હા' કરી દે છે તથા **'बहुजनहिताय–बहुजनसुखाय'** અને આત્મ-ઉલ્લાસ માટે સત્કર્મો કરે છે એ ઉદારાત્મા છે.

જે મળે વાહ વાહ ! જે છે વાહ વાહ ! જે જતું રહ્યું વાહ વાહ ! જે ક્યારેય નથી જતું એને પામવા માટે જે નીકળી પડે છે એ મોટો ઉદાર છે. આવા ઉદારોને ભગવાને ખૂબ બિરદાવ્યા છે.

'રામાયણ'માં આવે છે :

**राम भगत जग चारि प्रकारा ।**
**सुकृती चारिउ अनघ उदारा ॥**
**(શ્રીરામચરિતમાનસ, બાળકાંડ : ૨૧.૩)**

'ગીતા' (૭.૧૬)માં પણ ભગવાન કહે છે : મારા ચાર પ્રકારના ભક્તો છે -

**आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ।**

અર્થાર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાની. ચારેય પુણ્યાત્માઓ ઉદાર છે. એમાં જ્ઞાની ભક્ત પ્રભુને વિશેષ પ્રિય છે.

આર્ત ભક્ત દુઃખ મટાડવા માટે ભાવપૂર્વક ભગવાનને પોકારે છે, એમનું ચિંતન કરે છે આથી ઉદાર છે. એ ડોક્ટરના, દવાના, છળ-કપટના શરણે નથી જતો, બીમારી મટાડવા માટે ગંદી ચીજો નથી ખાતો. યથાયોગ્ય સાત્ત્વિકતાનો આશ્રય, ભગવદ્આશ્રય લઈને ઉપાય કરે છે તો એ ઉદાર છે. બીમારીનું દુઃખ હોય કે નિર્ધનતાનું દુઃખ, સંસારનું કોઈ પણ દુઃખ મટાડવા માટે જે ભગવાનના શરણે જાય છે, ભગવાન એને ઉદાર કહે છે.

અર્થાર્થી, જે સંપત્તિ મેળવવા માટે ભગવાનના શરણે જાય છે, ભગવાન પાસેથી અર્થ ઈચ્છે છે એને પણ ભગવાન ઉદાર કહે છે. ધન જોઈએ તો પણ કંઈ વાંધો નહિ પરંતુ ભગવાનની કૃપાથી ધન જોઈએ. તો ભગવાનની કૃપા ધીરે ધીરે ભગવાન સાથે એકાકાર કરાવી દેશે. છે તો સંસારી ચીજો માગનાર કે 'મને ધન મળે, મારો રોગ મટે, મારો છોકરો પાસ થઈ જાય.' પરંતુ એને કંજૂસ ન કહ્યો, કેમ ? કેમ કે દ્રષ્ટિ એની પરમ ઉદાર પરમેશ્વર પર છે.

જિજ્ઞાસુ, જે ભગવાનને જાણવા માટે સત્સંગમાં કે ભગવાનના માર્ગે જાય છે એને પણ ભગવાન ઉદાર કહે છે. જ્ઞાની માટે કહે છે : 'એ તો મારો આત્મા છે, ઉદાર શું એ તો ઉદારશિરોમણિ છે.'

જે પત્ની કહે : 'પતિ મને પ્રેમ નથી કરતો' એ પત્ની કંજૂસ છે. પતિ કેમ પ્રેમ કરે ? તું એવી પ્રીતિપૂર્વક સેવા કર કે એનું હૃદય આપમેળે સંતુષ્ટ થઈ જાય. પતિ વિચારે કે 'પત્ની પ્રેમ નથી કરતી' પણ આજકાલનાં પતિ-પત્ની પ્રેમ કરશે તો તેઓ ઉદાર નથી, કંજૂસ છે. કામના નાળાને વિષય બનાવીને પ્રેમ કરશે. નાકને, ગાલને, શરીરને, વિકારને જોઈને પ્રેમ કરશે તો કંજૂસ

છે પણ પોતાની અંદર જે પરમેશ્વર સ્વભાવ છે એના તરફ દ્રષ્ટિ રાખીને એકબીજાનું ભલું ઇચ્છે છે તો ઉદાર છે.

નિર્દોષ ગુરુભાઈઓ ભગવદ્આરાધનાના બળે એકબીજાને જોઈને આહ્લાદિત થઈ જાય છે તો ઉદાર છે પણ એકબીજાને જોઈને સ્વાર્થથી વાત કરે છે તો કંજૂસ છે. જે જેટલો કંજૂસ હોય છે એ એટલો જ ભૌતિક જગતમાં પિસાતો રહે છે અને જેટલો ઉદાર હોય છે એટલો જ આહ્લાદિત, આનંદિત રહે છે. આધિદૈવિક જગતમાં એની ઉન્નતિ સહજમાં થાય છે અને આધ્યાત્મિક જગતમાં સારી ગતિ થઈ જાય છે.

### મનુષ્ય ઉદાર ક્યારે બને છે ?...

જ્યારે બુદ્ધિ નિષ્પક્ષ થઈ જાય છે. રાગ અને દ્વેષમાં કંજૂસાઈ છુપાયેલી છે, કર્મબંધન, કર્તાપણું-ભોક્તાપણું છુપાયેલું છે, છળ-કપટ, બેઈમાની છુપાયેલી છે પરંતુ રાગ-દ્વેષરહિત થવાથી ઉદારતા આવી જાય છે. ભગવાનના શરણે જનાર પણ ઉદારાત્મા થઈ જાય છે. 'ગીતા'માં શરણમાં આવવાની વાત ચાર વખત આવી છે :

**गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।**

**(ગીતા : ૯.૧૮)**

જ્યાંથી બધાના જીવનમાં ગતિ આવે છે, જે ભર્તા છે, ભોક્તા છે એ પરમેશ્વરના શરણે જાઓ અર્થાત્ એના નાતે બધાને મળો, એના નાતે બધાને પોતાના માનો તો તમે ઉદારાત્મા થઈ જશો.

**गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ।**

ભગવાન કહે છે : 'શરણે આવો.' બીજું **तमेव शरणं गच्छ** – ઈશ્વરના શરણે જશો તો ઉદાર બની જશો. **मामेकं शरणं व्रज** – મુજ અંતર્યામી પરમેશ્વરના શરણે આવો નહિતર બુદ્ધિ જ પુણ્ય-પાપથી યુક્ત થઈ જાય છે અને સુખ-દુઃખથી છુટકારો મેળવવાને લાયક નથી બનતી.

તમે સ્વપ્નદ્રષ્ટા છો. વીતેલાનો શોક કરવો અણસમજ છે. ભવિષ્યનો ભય કરવો એ પણ કંજૂસાઈ છે. વર્તમાનને, બદલનારા સંસારને, પરિસ્થિતિઓને સાચાં માનીને પ્રભાવિત થવું એ પણ કંજૂસાઈ છે. તમે ઉદારાત્મા બની જાઓ, બુદ્ધિયોગી બની જાઓ. જે સરકી રહ્યું છે એને પકડી પકડીને યાદ કરવું, સાચું માનવું કંજૂસાઈ છે. 'વાહ ! વાહ !!... વાહ ! વાહ !!... આ પણ વીતી જશે, પસાર થઈ જશે. વાહ ! વાહ !! આનંદ...' તો સત્સંગથી તમારો સચ્ચિદાનંદ સ્વભાવ જાગૃત થશે.

## મહાપુરુષોના આશીર્વાદ

**– પૂજ્ય બાપુ**

કેટલાક એવા મહાત્માઓ હોય છે કે જે સંકેત કરે છે, કેટલીક આજ્ઞા કરે છે. જેમ તમે ગયા અને મહાત્માએ પૂછ્યું : "સાધન-ભજન ચાલે છેને ?"

સંકેત કરી દીધો કે જો ન કરતા હો તો કરવાનું ચાલુ કરી દો અને કરતા હો તો એને વધારો. 'સાધન-ભજન ચાલે છે, વધારી દો !' કહ્યું તો આ આજ્ઞા થઈ ગઈ.

"વધારી દીધું પણ મન લાગતું નથી તો પણ ઈમાનદારીથી કર્યું છે."

"મન ન લાગે તો કંઈ વાંધો નહિ, મન ન લાગે તો પણ કર્યા કરો !" - આ આજ્ઞા થઈ ગઈ.

"મન નથી લાગતું."

"અરે ! લાગી જશે ચિંતા ન કરો."

આ એમના આશીર્વાદ છે, વરદાન છે. એને પકડીને કોઈ ચાલવા લાગે તો બસ ! પરંતુ પછી એવું નહિ કે રોજ રોજ એમનું માથું ખપાવવાનું શરૂ કરી દો કે 'મન નથી લાગતું, મન નથી લાગતું... હતાશ થઈ જાઉં છું.' નાની નાની વાત રોજ રોજ ન બોલવી જોઈએ. તેઓ તો બધું જાણે છે, હૃદયથી પ્રાર્થના કરી દીધી, બસ છૂટી ગયું. પછી સંકેત, આદેશ, આજ્ઞા, આશીર્વાદ, વરદાન આમ ઘણા લાભ થતા રહે છે. એનાથી કરોડો કરોડો જન્મોના સંસ્કારો કપાતા રહે છે. પોતાની તીવ્રતા હોય તો આ જ જન્મમાં બેડો પાર થઈ જાય છે.




# 'जौं गुर मिलहिं बिरंचि सम'

**(પૂજ્ય બાપુની જ્ઞાનમયી અમૃતવાણી)**

રાવણ શિવજીનો ઉપાસક હતો પરંતુ ઉચ્ચ દ્રષ્ટિકોણ ન હોવાથી જે કંઈ પામ્યો એ છૂટનારું પામ્યો. રાવણની સભામાં અંગદ એકટક ચારે બાજુથી રાવણને જુએ છે.

અંગદનું જોવું એવું વ્યંગાત્મક હતું કે રાવણ આશ્ચર્યચકિત થઈને બોલ્યો :

''અંગદ ! આ પ્રકારે શું મને જોઈ રહ્યો છે ? શું વિશ્લેષણ કરી રહ્યો છે ?''

અંગદે કહ્યું : ''હનુમાનજીએ જે કહ્યું હતું એમાં સંશોધન કરવું પડશે.''

રાવણને કુતૂહલ થયું કે હનુમાને એવું તે શું કહી દીધું ?

અંગદે કહ્યું : ''હનુમાનજીએ કહ્યું હતું કે લંકામાં દસ માથાં અને વીસ આંખોવાળો આંધળો માણસ છે.''

રાવણે કહ્યું : ''તું સંશોધન કરીને એમાં શું સુધારો કરવા માગે છે ?''

અંગદે કહ્યું : ''શિવજી જેવા ઉપાસ્યદેવ મળ્યા તમને પરંતુ હવે મને લાગે છે કે હનુમાનજીએ તમારા માટે આવું ઉતાવળમાં કહી દીધું હશે.''

રાવણનું દિલ ખીલ્યું કે 'એણે તો વીસ આંખોવાળો આંધળો કહ્યો હતો, આ શું કહેશે ?'

એને કંઈક આશ્વાસન મળ્યું, બોલ્યો :

''હનુમાને મને ખોટો ઠરાવ્યો છે. તું શું કહે છે ?''

અંગદ કહે છે :

**''अंधउ बधिर न अस कहहिं नयन कान तव बीस ।**

**(શ્રીરામચરિતમાનસ, લંકાકાંડ : ૨૧)**

આંખો પણ વીસ છે અને કાન પણ વીસ છે. તમે ફક્ત આંધળા નથી, બહેરા પણ છો.

જે સાંભળવું જોઈતું હતું શિવજી પાસેથી એ તમે ન સાંભળ્યું. જે જોવું જોઈતું હતું જગતને બ્રહ્મરૂપે એ તો તમે ન જોયું. શિવજી જેવા સમર્થ ઈષ્ટ હોવા છતાં સાંભળવાની ઈચ્છા નથી, ગુરુતત્ત્વને નિહાળવાની નજર નથી તો બહારની આંખ અને બહારના કાન પણ કામ ન આવ્યા તમને. જિજ્ઞાસાના કાન હોત અને વિવેકની આંખો હોત તો તમે આવી ભૂલ ન કરત. આટલું સમજાવવા પછી પણ તમે દુરાગ્રહી ન હોત.

**अंधउ बधिर न अस कहहिं नयन कान तव बीस ।**

તમને ફક્ત આંધળા કહેવું યોગ્ય નથી, તમે તો બહેરા પણ છો. કેમ કે કાન પણ વીસ વીસ છે અને શિવજી જેવા ઈષ્ટ મળ્યા છે. તમે દ્રષ્ટિકોણ ન રાખ્યો. ઈષ્ટ કે ગુરુ કેટલા પણ સમર્થ હોય -

**मूरुख हृदयँ न चेत जौं गुर मिलहिं बिरंचि सम ।।**

**(શ્રીરામચરિતમાનસ, લંકાકાંડ : ૧૬ખ)**

બ્રહ્મા અને શિવજી જેવા ગુરુ મળે પરંતુ મૂર્ખ હૃદય આંધળું અને બહેરું હોય છે. આંધળો અને બહેરો ઠેબાં ખાધા પછી તો સુધરી પણ શકે છે પરંતુ જે પોતાને ચતુર માને છે અને મનનું ધાર્યું કરવામાં જ લાગે છે કપટથી, ચોરીથી, છળથી, દગાબાજીથી, મનનું ધાર્યું કરે છે એ આંધળા-બહેરાથી પણ નિમ્ન છે. મને તમારામાં એ જ લક્ષણો દેખાઈ રહ્યાં છે. આટલા શ્રેષ્ઠ ઈષ્ટદેવ શિવજી મળ્યા તો પણ તમને બહારના આકર્ષણથી હટવાની રુચિ નથી અને સીતાજી પ્રત્યે તમારો આ ભાવ ! તમે આંધળા છો એમ કહેવું હનુમાનજીની ઉતાવળ હતી. હવે મને શોધ કરીને એ જાણવા મળ્યું

છે કે તમે બહેરા પણ છો. અને બહારના આંધળા-બહેરા તો ઠેબાં ખાઈને સુધરી પણ જાય પરંતુ લંકા બળી તો પણ, રામજીના દૂતે આટલું બધું કરી દીધું તો પણ તમારી આંખો નથી ખૂલતી અને તમારા કાન તમને કંઈ સાંભળવા પણ નથી દેતા.''

રાવણની લંકામાં રાવણને રામજીનો દૂત વ્યંગાત્મક વચનો કહેતાં આવું સંભળાવી દે, કેટલું બળ છે !

અંગદની વાતથી રાવણ બગડ્યો. અંગદે ધરતી પર પગ ઠોકીને રાવણને લલકારતાં કહ્યું :

''આને તું ઉપાડીને દેખાડ તો શ્રીરામજી પોતાની સીતા હાર્યા અને હું મારી સીતા માતા હાર્યો.''

રાવણે અંગદનો પગ ઉપાડવાની કોશિશ કરી. નિષ્ફળ રહ્યો.

અંગદે રાવણને કહ્યું : ''જુઓ, સીતાજી તો તમારી પાસે જ હતાં. એમાં તો હાર-જીતનો સવાલ જ નહોતો. છતાં તમે મારો પગ પકડતાં પકડતાં મારો પગ ઉપાડવામાં નિષ્ફળ થઈ ગયા. વાસનાવાનોની આવી જ મતિ-ગતિ થાય છે. હજી પણ શ્રીરામજીના શરણે આવી જાઓ. પરંતુ તમે માનવાના નથી. જય શ્રીરામ...''

---

**(પાન ૧૧ : 'સનાતન ધર્મનું પર્વ - શ્રાદ્ધ'નું શેષ)**

શ્રાદ્ધ મૃત પ્રાણી પ્રત્યે કરેલું પ્રેમપૂર્વકનું સ્મરણ છે કે જે સનાતન ધર્મની એક પ્રમુખ વિશેષતા છે. ભાદરવા માસનો પિતૃ પક્ષ આપણા વિશિષ્ટ સામાજિક ઉત્સવોની જેમ પિતૃગણોનું સામૂહિક મહાપર્વ છે. એ વખતે બધા પિતૃઓ પોતાના પૃથ્વીલોકસ્થ સગા-સંબંધીઓને ત્યાં આમંત્રણ વિના પહોંચે છે. એમણે આપેલ 'કવ્ય'થી (પિતૃઓ માટે આપેલ પદાર્થ) તૃપ્ત થઈને એમને પોતાના શુભ આશીર્વાદોથી પુષ્ટ તથા તૃપ્ત કરે છે.




# ભગવાન પણ કરે છે લીલાઓ

**(પૂજ્ય બાપુની પાવન અમૃતવાણી)**

**(ગતાંકનું શેષ)**

સંસાર પ્રવાહ જેવો છે. જેમ ગંગાજી વહેતી રહે છે એમ જ બધું આવી આવીને જતું રહે છે. 'હું તો આવો થઈ ગયો... આણે મને આવું કહ્યું...' જ્યારે કહ્યું એ વખતે એ જેવો હતો અત્યારે એવો નથી. 'ફલાણાએ આવું કર્યું...' જે વખતે કર્યું ત્યારે એ જેટલો બદમાશ હતો એટલો અત્યારે નથી, એ બદલાઈ ગયો. સમય બદલાઈ ગયો, સ્વભાવ બદલાઈ ગયો.

વીતેલાને યાદ કરીને શોક કરવો અને આવનારનો ભય કરવો એ મૂર્ખાઓનું કામ છે. 'જે પરિસ્થિતિ આવી છે એ જ કાયમ રહે, બદલાય નહિ' - એવી પકડ રહે છે તો એમાં લીલા કરીને શ્રીકૃષ્ણ કોઈ પણ રીતે તમને સત્સંગમાં મોકલી દેશે અથવા તમારી પ્રિય ચીજમાં વિઘ્ન નાખીને પણ કોઈ ને કોઈ રસ્તો ખોલી દેશે સમજવાનો. આ ભગવાનનો લીલાનો સ્વભાવ જીવના મંગળ માટે છે.

કુબ્જા જઈ રહી છે. કંસ માટે અંગરાગ, ચંદન વગેરે ઘસીને લઈ જઈ રહી છે. કંસ તરફથી શ્રીકૃષ્ણને ધનુર્યજ્ઞનું આમંત્રણ મળ્યું તો તેઓ ગોપ-બાળકો સાથે જઈ રહ્યા છે. આગળ આગળ કુબ્જા જઈ રહી છે અને પાછળ આ ટોળું. કૃષ્ણ કહે છે : ''સુંદરી !''

તો કુબ્જાએ જોયું કે 'અહીં તો બધા છોકરા

છે, હું તો કુરૂપા છું. ચાલો, મારે શું !' ઝડપથી ચંપલોથી ધૂળ ઉછાળતી ગઈ, વાંકડિયા વાળ મેલા કરતી ગઈ. ફરી કૃષ્ણે કહ્યું :

"અરે સુંદરી !"

ફરી જુએ છે કે 'સુંદરી, સુંદરી' કરીને બોલાવી રહ્યા છે પરંતુ અહીં તો કોઈ સુંદરી નથી. આગળ ગઈ. ફરી કૃષ્ણે કહ્યું : "સુંદરી ! સાંભળ્યું-ન સાંભળ્યું કરી દે છે ! જોઈને પણ વણજોયું કરે છે સુંદરી !"

કુબ્જાની ઇચ્છાશક્તિ જાગૃત થઈ ગઈ, બોલી : "બોલો સુંદર !"

જિંદગીભર કુરૂપતાથી બદનામ થયેલી કુબ્જાને સુંદરી કહેનાર કૃષ્ણ કેટલા સુંદર છે !

"જરાક આ અંગરાગ મને આપીશ ? હું તિલક લગાવી લઉં."

"હા હા, લો લો."

શ્રીકૃષ્ણે ગોપોને લગાવ્યું, પોતે પણ લગાવ્યું પછી કુબ્જાના પગ પર પગ મૂકીને એની દાઢીને ઝાટકો માર્યો અને કમર એકદમ સીધી કરી દીધી. જે બેડોળ હતી એને સુંદર બનાવી દીધી. આ ભગવાનની લીલા થઈ કે નહિ ! કોઈ પુરાણ, ઉપનિષદ, મહાભારત, શાસ્ત્ર કે ગ્રંથમાં વર્ણન નથી મળતું કે કુબ્જાએ કોઈ જન્મમાં કોઈ તપસ્યા કરી હતી કે સાધના કરી હતી અથવા ભગવાનને પ્રેમ કર્યો હતો. પરંતુ લીલા કરીને પણ ભલું કરવું એ ભગવાનનો સ્વભાવ છે. લીલા કરીને પણ મંગળ કરવું ભગવાનની આદત છે. કેમ કે તેઓ પ્રાણીમાત્રના સુહૃદ છે.

તમે ભગવાન સાથે લીલા કરો, ભગવાનને ગમશે. ભગવાનને કહી દો : 'ભગવાન ! આપ સમર્થ છો, મેં માની લીધું. આપ સૃષ્ટિના કણેકણમાં વ્યાપેલા છો, મેં માની લીધું. શ્રીકૃષ્ણના રૂપમાં, શ્રીરામજીના રૂપમાં તો અવતરિત થાઓ જ છો પણ બધાં રૂપોમાં અત્યારે આપ જ છુપા છો, મેં માની લીધું. આપ સર્વસમર્થ છો પરંતુ બે વાતમાં મહારાજ ! આપ હારી જાઓ છો. એક તો આપ ક્યારેય કોઈનું બૂરું કરી શકો છો ખરા ? બોલો.' ભગવાનને પૂછો.

રાત્રે સૂતી વખતે એમની સાથે લીલા કરો. જેનો લીલાનો સ્વભાવ છે એને લીલા કરનાર પણ ગમે છે. સજાતીય થઈ ગયાને ! રાત્રે ભગવાન સાથે લીલા કરવી : 'આખા દિવસમાં જે સારાં કામ કર્યાં, પ્રભુ ! તને અર્પણ. કંઈ ભૂલ થઈ ગઈ તો બીજી વખત ન કરીએ એવી સદ્‌બુદ્ધિ આપો !

**આપનામાં બીજાં તો બધાં બળ છે પરંતુ બે વાતમાં આપ નિર્બળ છો. એક તો આપ કોઈનું અમંગળ નથી કરી શકતા.** કોઈને નરકમાં મોકલીને પણ એની શુદ્ધિ જ કરશો. કોઈને દુઃખ આપીને પણ એનું ભલું જ કરશો. આપ અમંગળ નથી કરી શકતા.

**બીજું, પોતાની સૃષ્ટિની બહાર આપ કોઈને કાઢી નથી શકતા.** અમે તો કોઈને પોતાના ઘરમાંથી કાઢી નાખીએ, પોતાની દુકાનમાંથી કાઢી નાખીએ, ઓફિસમાંથી કાઢી દઈએ, પોતાના ગામ, શહેર કે રાજ્યમાંથી કઢાવી દઈએ, બીજા રાજ્યમાં મોકલીએ પરંતુ આપ તો સર્વવ્યાપક છો તો પોતાના રાજ્યમાંથી કોઈને કેવી રીતે કાઢી શકશો !'

સંત તુકારામજી આવી લીલા કરતા હતા : 'મારા પ્રભુ ! હવે તમે ક્યાં જશો ? ગુરુજીએ મને મંત્ર આપી દીધો છે અને મંત્ર તો તમારી ચોટલી છે. હવે પ્રગટ થઈને મળો કે ન મળો, મંત્રરૂપે તો તમારી ચોટલી મારા હાથમાં છે. જેની ચોટલી પકડી હોય એની પાસે તો પહોંચેલા જ છીએ. હવે જરા ખયાલ કરો પોતાની ઇજ્જતનો ! 'વાસુદેવ, ગોવિંદ' કહેવાઓ છો, બધામાં વસેલા છો, સૌના હૃદયમાં વસેલા છો. લોકો તો મને સંત કહે છે પણ મારામાં હજી લોભ છુપો છે, કામ છુપો છે, ક્રોધ છુપો છે.

ક્યાંક ગરબડ થઈ તો ઇજ્જત તમારી જશે. લોકો કહેશે કે 'ભગવાનનો ભગત થઈને આમ કર્યું !' તમારી ઇજ્જતનો તો ખયાલ કરો મહારાજ !'

આમ, ભગવાનની લીલાના સ્વભાવનો ફાયદો લઈને ભગવાનના રસમાં રસમય થઈ જાઓ.

મારા ગુરુદેવ ભગવાનના તત્ત્વનો, સ્વરૂપનો ફાયદો લઈને ભગવદ્-તત્ત્વમાં એકાકાર થઈ ગયા. ત્યારપછી પણ લીલા કરતા હતા. ક્યારેક લીલા, ક્યારેક પ્રેમાભક્તિ... વિશિષ્ટાદ્વૈત વગેરે.

આમ, કોઈ પણ રીતે ભગવાનનું ચિંતન થાય. કંસ, રાવણ, શિશુપાલ, દંતવક્ર દ્વેષથી ચિંતન કરતા હતા તો પણ સદ્ગતિ થઈ ગઈ. ગોપીઓ કાંત ભાવે ચિંતન કરતી હતી તો પણ સદ્ગતિ થઈ ગઈ. અર્જુન સખા ભાવે ચિંતન કરતા હતા તો પણ સદ્ગતિ થઈ ગઈ. હનુમાનજી દાસ્ય ભાવે ચિંતન કરતા હતા તો પણ સદ્ગતિ થઈ ગઈ. મીરાં દાસ્ય ભાવે કે બીજા ભાવે - જે ભાવે ચિંતન કરતી, એ જ ભાવમાં નાચતાં-ગાતાં ક્યારેક હસતી, ક્યારેક કૃષ્ણનો અનુભવ કરતી, ક્યારેક વિરહમાં રડીને શુદ્ધ થતી તો ક્યારેક મિલનમાં હસીને આનંદિત થતી.

તમે પણ આ પ્રમાણે કરી શકો છો : 'ભગવાન ! મારી બુદ્ધિને નચાવનાર તો આપ છો. હું તો ઇચ્છું છું કે વાસનાનો સત્યાનાશ થાય અને તમારો જય થાય. તમે નચાવો એમ હું નાચું. વાસના નચાવીને મને અનેક ગર્ભોમાં લઈ જશે, તમે જ નચાવો મહારાજ !' પોતાના મનની ઇચ્છા મુજબ થાય તો એટલા ખુશ ન થતા. પોતાના મનથી વિપરીત થાય તો કહેજો : 'વાહ મહારાજ ! આસક્તિ મટાડવા માટે આપે બહુ સુંદર કર્યું.' એનાથી તમારી દુખદ અવસ્થા પણ સુખદ થઈ જશે. આપણે ભૂલ શું કરીએ છીએ કે પોતાના મનનું થાય છે તો ખૂબ ખુશ થઈએ છીએ. પોતાના મનનું નથી થતું તો વિચારીએ છીએ કે 'શું કરીએ, ભગવાન નારાજ છે, અમારું ભાગ્ય ખરાબ છે.' અથવા તો કહીએ છીએ : 'ભગવાન પરીક્ષા લઈ રહ્યા છે.' જે મૂર્ખ હોય, ન જાણતો હોય એ પરીક્ષા લેશે. અંતર્યામી બધું જાણે છે તો એ શું પરીક્ષા લેશે ! પરંતુ સાંત્વના આપવા માટે સમજાવવામાં આવે છે : 'ચાલો ભાઈ ! ભગવાન પરીક્ષા લઈ રહ્યા છે. ધીરજ રાખો, વીતી જશે.' તમારા મનમાં ૧૦ મિનિટ કે ૨ મિનિટ પછી શું આવશે એની તમને ખબર નથી પણ ભગવાનને ખબર છે. હું નર્મદા કિનારે બધું જ છોડીને બેસી ગયો હતો. સવારે નહાઈને આવ્યો, ભૂખ લાગી.

**सोचा मैं न कहीं जाऊँगा,**
**यहीं बैठकर अब खाऊँगा ।**
**जिसको गरज होगी आयेगा,**
**सृष्टिकर्ता खुद लायेगा ॥**

થોડું જપ-ધ્યાન થાય છે તો ભગવાન પ્રત્યે પોતાની પ્રીતિ અને પોતાની મીઠી તકરાર વધી જાય છે. હું તો બેસી ગયો. થોડીવારમાં તો બે ખેડૂતો ફળ અને દૂધ લઈને આવ્યા અને મને કહ્યું : "લો." મેં કહ્યું : "આપણા વચ્ચે કોઈ પરિચય નથી, તમારા કોઈ બીજા સંત હશેને."

બોલ્યા : "ના, રાત્રે સપનામાં આ માર્ગ જોયો હતો અને આવી જ આપની આકૃતિ જોઈ હતી."

હવે મને તો સવારે વિચાર આવ્યો પણ મને વિચાર આવે એ પહેલાં તો ખેડૂતોને સપનું આપી દીધું, રસ્તો દેખાડી દીધો. કેવો લીલાધારી છે ! હું લીલા કરું એ પહેલાં જ એણે લીલાનો ઉત્તર આપી દીધો. તો લીલા કરીને પણ મંગળ કરવું અને મંગળ સંદેશ આપવો એ ભગવાનની આદત છે. પ્રાણીમાત્રના સુહૃદ છે ભગવાન !

# તર્કનો વિષય નથી ભગવાન

## (ભગવાનની મધુમય લીલા)

## (પૂજ્ય બાપુની મધુમય અમૃતવાણી)

અંતર્યામી ભગવાન તો સર્વત્ર છે, નિર્ગુણ-નિરાકાર છે, સત્તા-સ્ફૂર્તિ આપે છે પરંતુ એવા ભગવાન પણ જોઈએ કે જેઓ તમે ન ઈચ્છો તો પણ તમને કોણી મારીને જગાડી દે, અંગૂઠો દેખાડીને હલાવી દે, કંઈ પણ કરીને તમારી અંદર છુપાયેલો રસીલો સ્વભાવ પ્રગટ કરી દે.

તમને ભગવાનની આ લીલા સાંભળીને એમના પર હસવું આવશે. તમારે પેટ ભરીને હસવું પડશે, ધરાઈને વહાલાને વહાલ કરવો પડશે - "મારા દાતા ! કનૈયા ! ઓ વહાલા !!..."

મુજફ્ફરનગર (ઉ.પ્ર.)માં ઉડિયા બાબા સત્સંગ કરતા હતા. કોઈ બ્રાહ્મણને ત્યાં રોકાયા હતા. ત્યાં અવારનવાર આવતા-જતા એક ઠાકુર પર એમની નજર પડી. એ બાબા પાસે આવ્યો તો વાતચીત થઈ. એ કટ્ટર આર્યસમાજી હતો અને માળા ફેરવતો હતો. બંને વાતો વિરોધાભાસી હતી.

બાબાએ પૂછ્યું : "ભાઈ ! તું તો આર્યસમાજી છે અને માળા લઈને 'વાસુદેવ' જપી રહ્યો છે ! આર્યસમાજી લોકો તો કૃષ્ણના નામે એમના ભક્તોને કંઈનું કંઈ સંભળાવતા રહે છે અને તું 'ૐ નમો ભગવતે વાસુદેવાય' કરે છે ?"

એણે કહ્યું : "હું પણ ખૂબ ગાળો આપતો હતો."

"તો પછી કૃષ્ણની માળા કેમ ફેરવે છે ?"

એ પહેલવાન ઠાકુર ઉડિયા બાબાને કહે છે :

બાબા ! હું તમને મારી આપવીતી કહીશને તો તમે પણ મારા ઉપર હસશો. પહેલાં ૮-૧૦ વર્ષની ઉંમરમાં તો મને ઋષિ દયાનંદનાં દર્શન થયા હતા. એમનું બ્રહ્મચર્ય અને સત્યનિષ્ઠા જોઈને હું તો બની ગયો આર્યસમાજી ! શ્રીકૃષ્ણ વિશે તો ફક્ત સાંભળેલું હતું કે તેઓ આવા છે-તેવા છે... બ્રહ્મચારી માટે શ્રીકૃષ્ણની લીલાઓ તો ભવાં ચઢાવવાં જેવી હોય છે. તો હું પણ ભવાં ચઢાવતો રહ્યો, નાક-મોં મચકોડતો રહ્યો તેમજ કૃષ્ણને અને કૃષ્ણભક્તોને ખરું-ખોટું સંભળાવતો રહ્યો. હજી પણ આર્યસમાજી તો છું પણ મારી સાથે જે ઘટના ઘટી છે ભગવાન કરે કે સૌની સાથે ઘટે.

હું ૨૩ વર્ષનો હતો ત્યારે કાશી ગયો. ત્યાં એક ઠાકોર સાહેબ હતા. હું તો જાતિનો ઠાકોર છું પણ તેઓ રજવાડાંના ઠાકોર સાહેબ હતા. એમને કોઈ પહેલવાનની જરૂર હતી. એમણે મને પોતાની પાસે રાખી લીધો. મને કામ મળી ગયું. એમને ત્યાં શ્રીકૃષ્ણનું મંદિર હતું અને પૂજારી પણ ખૂબ પ્રેમથી શ્રીકૃષ્ણની પૂજા કરતા હતા. હું તો ઠાકોર સાહેબને ત્યાં કામ કરતો, દિવસમાં ત્રણ વખત સંધ્યા કરતો, યજ્ઞાદિ કરતો અને પછી સમય મળે ત્યારે બસ, કૃષ્ણ અને એમના ભક્તોને ભાંડતો રહેતો. રાત્રે આર્યસમાજમાં જતો અને કૃષ્ણ માટે અનર્ગળ ભાષણ કરતો.

ઠાકોર સાહેબ અને એમના મંદિરના પૂજારી કૃષ્ણભક્ત હતા. આથી હું પૂજારીજીને પણ સંભળાવી દેતો : "તમે મૂર્તિને માનો છો, પથ્થરને માનો છો એ અંધશ્રદ્ધા છે. ઈશ્વર નિરાકાર છે. આમ છે - તેમ છે..." જેમ મનમાં આવે એમ હું પૂજારીજીને પણ કોસતો, શ્રીકૃષ્ણને પણ કોસતો પરંતુ ઠાકોર સાહેબ અને પૂજારીજી મને ખૂબ સ્નેહ કરતા હતા છતાં મારા મનમાં કૃષ્ણભક્તો અને કૃષ્ણ માટે નારાજગીના, નફરતના સંસ્કારોનું એવું બીજારોપણ કરી દેવામાં આવ્યું હતું કે એ સંસ્કારો ઊછળી ઊછળીને મારા મોંઢેથી ગમે તેમ બકવાસ કરાવતા હતા. એક સાંજે તો મેં પૂજારીને એટલો ઠપકો આપ્યો કે ગાળો પણ બોલી દીધી. મેં ભગવાન વિરુદ્ધ એવી એવી કડવી વાતો કહી કે પૂજારીજીની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. તેઓ અત્યંત વ્યથિત હૃદયે ત્યાંથી ચાલ્યા ગયા.

રાત્રે રોજની જેમ હું જમીન ઉપર સૂતો હતો, પૂજારીજી પાટ ઉપર સૂતા હતા. અચાનક મારી આંખો ખૂલી અને મેં પાટની બીજી તરફ સૂર્યનો પ્રકાશ જોયો. જોયું કે પાટ પાસે એક છોકરો ઊભો છે અને એના શરીરમાંથી પ્રસરેલો દિવ્ય પ્રકાશ ચારે બાજુ પથરાયેલો છે. મેં કહ્યું : "તું અહીંયા ક્યાંથી આવ્યો ? મારો લોટો-અંગૂછો ક્યાં છે ? જલદી લાવ !"

એ છોકરો ૧૦-૧૨ વર્ષનો હતો અને મારી મજાક ઉડાડીને હસતો હતો. એણે મને અંગૂઠો દેખાડ્યો 'લે...' એટલું જ નહિ, જીભ પણ કાઢી 'ઓ...'

મેં કહ્યું : "અરે ! તું પહેલવાન ઠાકોર સાથે આવું વર્તન કરે છે ? તું સમજે છે શું પોતાની જાતને ! હાથ પકડીને તારો અંગૂઠો મસળી નાખીશ, દિવસે તારા દેખાડી દઈશ."

એણે ફરીથી અંગૂઠો દેખાડ્યો 'લે...'

ત્યારે ગુસ્સા પર મારું નિયંત્રણ ન રહ્યું. હું તો સ્વભાવે જ ગરમ પ્રકૃતિનો હતો, પહેલવાન પણ હતો. મેં કહ્યું : "હવે કાં તો તું રહેશે કાં હું રહીશ. સવાર-સવારમાં ન અન્ન કે ન જળ, ઉપરથી તું અંગૂઠો દેખાડે છે ! મારી વાત માનતો નથી અને ઉપરથી અંગૂઠો દેખાડે છે !"

એણે ફરીથી અંગૂઠો દેખાડ્યો. હું એને પકડવા જેવો પાટની નજીક ગયો કે તરત જ એ પાટની સામેની બાજુએ... એ આગળ અને હું પાછળ... પાટની ફરતે અમે ગોળ ગોળ ફરતા રહ્યા. એ મારા હાથમાં જ ન આવ્યો તો હું ગમે તેમ બોલવા લાગ્યો. આથી પૂજારીજી તથા આસપાસના અન્ય લોકો જાગી ગયા અને પૂછવા લાગ્યા : "અરે પહેલવાન ! તમને શું થયું ? અરે ઠાકોર ! તમને શું થયું ?"

"મને શું થયું ? આ કેટલી બદમાશી કરી રહ્યો છે ! આજનો છોકરો મારા જેવા પહેલવાનની સામે પડ્યો છે ?"

"કયો છોકરો ?"

"તમને દેખાતું નથી ! જુઓ, પકડવા જાઉં છું તો ભાગે છે, ફરી કોશિશ કરું છું તો ભાગે છે... એને પકડો ! પકડો એને !!"

"ઠાકોર ! તમને શું થઈ ગયું છે ?"

"અરે, શું થઈ ગયું છે એ એને પૂછોને ! મને અંગૂઠો દેખાડે છે. હમણાં એનો અંગૂઠો પકડીને એવો મસળી નાખીશ અથવા ઉપર ફેંકી દઈશ."

હું એની પાછળ પાછળ દોડતો ગયો અને બૂમો પાડતો ગયો : "અરે જુઓ તો ખરો એ કેવો દોડે છે." હું પાટની ફરતે દોડતો રહ્યો અને એ મને અંગૂઠો દેખાડતો રહ્યો, કોઈને દેખાય નહિ. 'લે...' કરીને ક્યારેક જીભ દેખાડે, ક્યારેક અંગૂઠો દેખાડે. હું થોભું તો એ થોભી જાય, હું ભાગું તો એ ભાગે. હું થાકી ગયો. આખરે જોયું કે એ બાળક જઈને પૂજારીજીના ખોળામાં બેસી ગયો અને અંતર્ધાન થઈ ગયો. એ પ્રકાશમાં સવાર થઈ ગઈ એમ સમજીને હું લોટો-અંગૂછો માગી રહ્યો હતો પરંતુ ઘડિયાળ જોઈ તો રાતનો એક વાગ્યો હતો. જેવો એ બાળક અંતર્ધાન થયો તો સવાર રાતમાં બદલાઈ ગઈ.

લોકોએ કહ્યું : "તું શ્રીકૃષ્ણને ભાંડે છેને ! આથી એમણે કૃપા કરીને તને લીલા દેખાડી."

"હું નથી માનતો આવા તમારા ગાય ચરાવનારને. લીલા છે, આ છે-તે છે... તમારા ભગતડાઓની વાતોમાં હું આવવાનો નથી. આવી વાતોથી હું કૃષ્ણને ભગવાન ન માની શકું. હા, હવે હું પૂજારીજીને ગાળો નહિ બોલું, કૃષ્ણને પણ ગાળો નહિ આપું."

થોડા દિવસ વીત્યા હશે ત્યાં તો ઠાકોર સાહેબનો છોકરો કે જે ૩-૪ દિવસથી એના મામાને ત્યાં ગયો હતો, મેં જોયું કે એ મંદિરમાં ઊભો છે. એ પણ ૧૨-૧૩ વર્ષનો જ હતો.

મેં પૂછ્યું : "અરે, તું તો મોસાળે ગયો હતોને, ક્યારે આવ્યો ? અહીંયા કેમ ઊભો છે ?"

બાળક : "હું તો ગઈકાલે જ આવી ગયો હતો."

"અરે ! હું આખો દિવસ તારા ઘરે જ હોઉં છું, ગઈકાલનો આવ્યો હતો તો મારી આંખો ઉપર શું તેં પાટો બાંધી દીધો હતો ? આજે અહીં મંદિરમાં દેખાયો, કોને મૂર્ખ બનાવે છે બેટા !"

એણે કહ્યું : "બેટા બેટા શું ! હું તો સૌના બાપનો બાપ છું."

"અરે, તું ઠાકોર સાહેબનો દીકરો છે. તેઓ અને હું સરખી ઉંમરના છીએ આથી તું મારા દીકરા સમાન છે."

"અરે જા... તું શાનો મારો બાપ ! હું બાપોનો બાપ છું."

"અરે છોકરા ! તું શું બોલે છે ! તું ચાલ, હું તારી ઠાકોર સાહેબથી પિટાઈ કરાવીશ."

"અરે ! તારો ઠાકોર સાહેબ અને તું... શું પિટાઈ પિટાઈ ? લે..." ફરી અંગૂઠો દેખાડ્યો એણે. હું એને પકડવા ગયો તો છોકરો મંદિર આગળથી દોડ્યો અને ઠાકોર સાહેબના ઘરમાં ઘૂસી ગયો.

"અરે, ઠાકોર સાહેબ ! જુઓ, તમારો છોકરો એના મોસાળેથી આવીને મારી મજાક ઉડાવી રહ્યો છે. ક્યાં ગયો ?..."

ઘરના લોકોએ કહ્યું : "તમને શું થઈ ગયું છે પહેલવાન ! એ તો ૩-૪ મહિનાથી મોસાળે ગયો છે, એ અહીંયા ક્યાંથી ?"

"હમણાં ઘરમાં ઘૂસી ગયો."

"જાઓ, તમે જ શોધી લો."

મેં ઘરનો ખૂણેખૂણો ફેંદી નાખ્યો તો પણ છોકરો ક્યાંય દેખાયો નહિ.

ઘરના લોકોએ કહ્યું : "તમને શ્રીકૃષ્ણ પોતાની માયા દેખાડી રહ્યા છે. તમે જેમને ગાળો આપતા હતા, તેઓ ગાળો આપનારનું પણ ભલું ઇચ્છે છે. શિશુપાલે ૧૦૦-૧૦૦ ગાળો આપી તો પણ એને સદ્ગતિ આપી દીધી. કંસ પણ અનર્ગળ બોલતો હતો તો પણ એની સદ્ગતિ કરી. પૂતનાએ ઝેર પિવડાવ્યું તો પણ એની સદ્ગતિ કરી. ધેનકાસુર, બકાસુર, શકટાસુર, અઘાસુર મારવા આવ્યા હતા પણ એમને મોક્ષ આપી દીધો તો તમને થોડા છોડશે ! ભગવાનને રીઝ ભજો કે ખીજ, તેઓ તો પ્રેમસ્વરૂપ છે. ઠાકોરજી તમને પ્રેમની લીલા કરીને સુધારવા માગે છે."

"અરે, છોડો આ બધી ભક્તોની વાતો ! હું કાંઈ માનવાનો નથી."

લોકોએ કહ્યું : "ઠાકોર ! હજી સુધી તમને ભગવાનની લીલા સમજાતી નથી ?"

એ પહેલવાન ઉડિયા બાબાને કહે છે : બાબાજી ! હું એટલો કટ્ટરવાદી સંસ્કારવાળો હતો કે આવા ચમત્કારો જોયા પછી પણ મેં ખરું-ખોટું સંભળાવી દીધું : "અરે, તમારો ભગવાન-બગવાન શું છે ? ગાયો ચરાવે, ગોપીઓ આગળ નાચે... કૃષ્ણના ભક્તો અને કૃષ્ણ - બધી બેવકૂફીની વાતો છે. ત્રીજી વખત બરાબર દેખાશે તો પછી કદાચ હું માનવા માટે વિચાર કરીશ."

આ વાતને ૨૧ દિવસ વીતી ગયા. ૨૨મા દિવસે મંદિરમાં ફરીથી એ જ છોકરો દેખાયો. મેં કહ્યું : "અરે, પેલા દિવસે ઘરમાં દોડી ગયો હતો, પછી ક્યાં જતો રહ્યો હતો ? અને તેં તો કહ્યું હતું કે 'હું કાલે જ આવ્યો હતો.' પછી ખબર પડી કે તું આવ્યો જ નહોતો, મામાને ત્યાં ગયો હતો."

છોકરાએ કહ્યું : "પહેલવાન ! તને ખબર નથી, રમત રમતમાં હું આવું બધું કરું છું."

"તો પહેલી વખત તું જ આવ્યો હતો અને બીજી વખત પણ તું જ આવ્યો હતો ?"

"હા, રમત રમતમાં હું બધું કરું છું. રમત રમતમાં આ મજાક ચાલતી રહે છે."

"વારું, તો તેં મને મજાકનો વિષય બનાવી રાખ્યો છે !"

"બીજું શું ! જ્યાં સુધી તું નહિ માને ત્યાં સુધી તારી સાથે મજાક કરી કરીને તને મનાવીશ બેટા ! તું શું સમજે છે ! ઠાકોર છે, પહેલવાન છે તો તારા અહંનો છે. મારી દુનિયામાં તો તારા જેવા ઘણાયને નચાવતો રહું છું."

"તું આટલો નાનકડો છોકરો અને આડેધડ બોલે છે ! તને કોઈ બોલનાર નથી ?"

"અરે, બધાને બોલવાની સત્તા હું આપું છું, મને બોલનાર કોણ ! બધાની બુદ્ધિનું અધિષ્ઠાન હું છું."

"મોટો બુદ્ધિનો અધિષ્ઠાન છે ! ગાયો જ તો

ચરાવતો હતો. લોકો ભલેને 'કૃષ્ણ કનૈયા લાલ કી જય' કહે પણ હું તને એવો કોઈ માનવાનો નથી. તું મારી પાછળ કેમ પડ્યો છે ?''

''અરે ! જે મારી પાછળ પડે છે, હું એની પાછળ પડું છું. તું વિરોધથી પાછળ પડ્યો છે, કોઈ ભાવનાથી પાછળ પડે છે. જે ભાવનાથી પાછળ પડે છે એને હું રસ આપું છું અને તારા જેવાને નચાવી નચાવીને, જરા ચટપટું આપીને પણ પાછળ પડું છું.''

''શું અર્થ ?''

''બધા અર્થ કાલ્પનિક હોય છે.''

''તું મારી પાસે આખરે શું મનાવવા ઇચ્છે છે ?''

''હું મનાવવા શું ઇચ્છું છું ! તમે લોકો જેને ગાળો બોલો છો, આવો છે તેવો છે... કહો છો એને તમે લોકો જાણો છો ખરા ? તમે પોતાને જ નથી જાણતા. સાંભળી સાંભળીને પોતાને માની લીધા ઠાકોર. થોડીક માંસપેશીઓ વધારીને માની લીધા પહેલવાન. 'હું બાળક છું, હું યુવાન છું, હું દુઃખી છું, હું સુખી છું...' - આ બધી કલ્પનાઓમાં તો જિંદગી બરબાદ થઈ ગઈ. તમે કોણ છો ? પોતાને તો જાણતા નથી તો મને શું ખાક જાણવાના ?''

હું એની સામે જોતો રહ્યો અને એણે મારી આંખોમાં જોયું.

ઉડિયા બાબાને ગદગદ કંઠે એ ઠાકોર કહે છે કે જ્યારે ત્રીજી વખત એ બાળકે મારી આંખોમાં જોયું ત્યારથી એ મારાથી દૂર નથી થતો. બાળક તો અંતર્ધાન થઈ ગયો પણ હું પૂજારીજીનાં ચરણોમાં પડ્યો. પૂજારીજી મને ભેટી પડ્યા અને મંત્ર આપ્યો : **ॐ नमो भगवते वासुदेवाय ।** ત્યારથી હું આર્યસમાજી હોવા છતાં શ્રીકૃષ્ણનો ભક્ત છું. ત્રણ ત્રણ વખત શ્રીકૃષ્ણ આવ્યા અને મારા જેવા કટ્ટર વિરોધી, ગાળો બોલનારને પણ દંડને બદલે ભેટ આપીને ગયા.

**भावग्राही जनार्दनः ।** ભગવાન તર્કનો વિષય નથી. બધા તર્કો જેમનાથી પ્રકાશિત થાય છે એ અંતર્યામી ભગવાન છે અને સર્વ વ્યાપક પણ છે. અંતઃકરણમાં છે તો અંતર્યામી કહેવાય છે અને તત્ત્વરૂપે એ જ સર્વવ્યાપક છે, નિરાકાર ભગવાન છે. **रसो वै सः ।** પરમાત્મા રસસ્વરૂપ છે. જીવનમાં જો પ્રેમરસ નથી તો મનુષ્ય નીરસ થઈ જાય છે. શ્રીકૃષ્ણ રસ વહેંચવા માટે અવતર્યા છે. તેઓ રસ-અવતાર, પ્રેમ-અવતાર છે, ન ઇચ્છો તો પણ તમને પ્રેમ-પ્રસાદથી ભરપૂર કરી દે છે.

## 'मेरे सद्गुरु साँवरे'

साँवरे सद्गुरु आते हैं, वो बाँकी अदा दिखाते हैं,
हमारा चित्त चुराते हैं...
शकटासुर और बकासुर, शिशुपालों कंसों से भी ।
पंजे से पूतना माया के, हमें छुड़ायें वे ही ॥
कालिया नाग कलियुग से आप ही हमें बचाते हैं ।
साँवरे सद्गुरु...
है अहं की मटकी फोड़ी, दधि विषयों का बिखराया ।
मन माखन चुरा लिया, ज्ञान गोरस से हमें छकाया ॥
मनमोहन लीला आप नित नयी हमें दिखाते हैं ।
साँवरे सद्गुरु...
जब कभी विकारों की कौरव सेना में घिर घबराया ।
अपनों बेगानों के प्रति राग-द्वेष ने जब भरमाया ॥
जीवन की महाभारत में सत्संग गीता गाते हैं ।
साँवरे सद्गुरु...
दुष्वृत्ति के दुःशासन ने जब चीरहरण करने को ।
मुझ पर है घेरा डाला मुझको बेबस करने को ॥
संयम का चीर बढ़ाते मेरी लाज बचाते हैं ।
साँवरे सद्गुरु...
करते हो वहन तुम मेरा, सब योगक्षेम हे गुरुवर !
संसार भार गोवर्धन पर्वत, तुम हो मेरे गिरिधर ॥
आपत्ति-वृष्टि से नाथ आप ही मुझे बचाते हैं ।
साँवरे सद्गुरु...
प्राणों के इस मधुबन में, मेरी वृत्ति बनी है राधा ।
वाणी की वेणु बजा तुमने, गोपी समूह को साधा ॥
मन वृंदावन में माधव आप ही रास रचाते हैं ।
साँवरे सद्गुरु...

- 'ચાંદ' લખનવી, લખનઉ




# એ દુકાળને બદલે છે સુકાળમાં

**(પદ્મા-પરિવર્તિની એકાદશી : ૨૯ સપ્ટેમ્બર)**

યુધિષ્ઠિરે પૂછ્યું : ''કેશવ ! ભાદરવા મહિનાના શુક્લ પક્ષમાં કઈ એકાદશી આવે છે અને એની શું વિધિ છે ?''

ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા : ''રાજન્ ! આ વિશે હું તમને આશ્ચર્યજનક કથા સંભળાવું છું કે જે બ્રહ્માજીએ મહાત્મા નારદને કહી હતી.

નારદજીના પૂછવાથી બ્રહ્માજીએ કહ્યું :

'મુનિશ્રેષ્ઠ ! ભાદરવાના શુક્લ પક્ષની એકાદશી 'પદ્મા'ના નામથી વિખ્યાત છે. આ ઉત્તમ વ્રત અવશ્ય કરવા યોગ્ય છે. સૂર્યવંશમાં માંધાતા નામના એક ચક્રવર્તી, સત્યપ્રતિજ્ઞ અને પ્રતાપી રાજર્ષિ થઈ ગયા છે. તેઓ દત્તક લીધેલ પોતાના પુત્રોની જેમ ધર્મપૂર્વક પ્રજાનું પાલન કરતા હતા. એમના રાજ્યમાં દુકાળ નહોતો પડતો, માનસિક ચિંતાઓ નહોતી સતાવતી અને વ્યાધિઓનો પ્રકોપ પણ નહોતો થતો. એમની પ્રજા નિર્ભય અને ધન-ધાન્યથી સમૃદ્ધ હતી. મહારાજના કોષમાં ફક્ત ન્યાયોપાર્જિત ધનનો સંગ્રહ હતો. એમના રાજ્યમાં બધા જ વર્ણો અને આશ્રમોના લોકો પોતપોતાના ધર્મનું પાલન કરતા હતા. માંધાતાના રાજ્યની ભૂમિ કામધેનુ સમાન ફળ આપનારી હતી. એમના શાસનકાળમાં પ્રજાને ઘણું જ સુખ હતું.

એકવાર રાજ્યમાં ત્રણ વર્ષ સુધી વરસાદ ન થયો. એનાથી પ્રજા ભૂખથી પીડિત થઈને મૃત્યુ પામવા લાગી ત્યારે સમગ્ર પ્રજાએ મહારાજ પાસે આવીને આ પ્રમાણે કહ્યું : પ્રજા બોલી : 'નૃપશ્રેષ્ઠ ! અન્ન વિના પ્રજાનો નાશ થઈ રહ્યો છે. માટે, એવો કોઈ ઉપાય કરો કે જેનાથી અમારા યોગક્ષેમનો નિર્વાહ થાય.'

રાજાએ કહ્યું : 'તમારું કહેવું સત્ય છે કારણ કે અન્નને બ્રહ્મ કહેવાય છે. અન્નથી પ્રાણી ઉત્પન્ન થાય છે અને અન્નથી જ જગત જીવન ધારણ કરે છે. હું પ્રજાનું હિત કરવા માટે સંપૂર્ણ પ્રયત્ન કરીશ.'

રાજા માંધાતા ગણ્યાગાંઠ્યા લોકોને સાથે લઈને ઘનઘોર વન તરફ ચાલી નીકળ્યા. ત્યાં જઈને મુખ્ય મુખ્ય મુનિઓ અને તપસ્વીઓના આશ્રમોમાં ગયા. એક દિવસ એમને બ્રહ્મપુત્ર અંગિરા ઋષિનાં દર્શન થયાં. એમના પર દ્રષ્ટિ પડતાં જ રાજા હર્ષિત થઈને પોતાના વાહનથી નીચે ઊતરી ગયા અને ઇન્દ્રિયોને વશમાં રાખતાં બંને હાથ જોડીને રાજાએ મુનિનાં ચરણોમાં પ્રણામ કર્યાં. મુનિએ પણ 'અસ્તુ' કહીને રાજાનું અભિવાદન કર્યું અને એમના રાજ્યનાં સાતેય અંગોની કુશળતા પૂછી. રાજાએ પોતાની કુશળતા જણાવીને મુનિના કુશળક્ષેમ પૂછ્યા. પછી મુનિએ રાજાના આગમનનું કારણ પૂછ્યું.

રાજાએ કહ્યું : ''ભગવન્ ! હું ધર્માનુકૂળ પ્રણાલીથી પૃથ્વીનું પાલન કરી રહ્યો હતો. છતાં પણ મારા રાજ્યમાં વરસાદનો અભાવ થઈ ગયો. આપ મને એ ઉપાય કહો કે જેનાથી રાજ્યમાં પુનઃ વર્ષા થાય.''

ઋષિ બોલ્યા : ''રાજન્ ! ભાદરવા મહિનાના શુક્લ પક્ષમાં જે 'પદ્મા' નામથી વિખ્યાત એકાદશી છે એના વ્રતના પ્રભાવથી જરૂર ઉત્તમ વૃષ્ટિ થશે. નરેશ ! તમે તમારી પ્રજા અને કુટુંબીજનો સાથે આનું વ્રત કરો.''

રાજા પોતાના મહેલમાં પાછા આવ્યા. એમણે બધા જ વર્ગોના બધા જ લોકો સાથે પદ્મા એકાદશીનું વ્રત કર્યું. વ્રત કરવાથી વરસાદ વરસવા લાગ્યો. પૃથ્વી જળથી પરિપ્લાવિત થઈ ગઈ અને હરિયાળી ખેતીથી સુશોભિત થવા લાગી. બધા લોકો સુખી થઈ ગયા.''

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે : ''રાજન્ ! આ કારણે આ ઉત્તમ વ્રતનું અનુષ્ઠાન જરૂર કરવું જોઈએ. આ એકાદશીના માહાત્મયના પઠન અને શ્રવણથી મનુષ્ય બધાં પાપોથી મુક્ત થઈ જાય છે.''

**('પદ્મ પુરાણ'માંથી)**

## પર્વ માંગલ્ય

# મિથ્યા કલંકથી બચવું

**(ગણેશ ચતુર્થી : ૧૯ સપ્ટેમ્બર)**

ભાદરવા સુદ ચોથે ચંદ્રદર્શન નિષિદ્ધ મનાય છે. આ જ દિવસે ચંદ્ર-દર્શનના કારણે ભગવાન શ્રીકૃષ્ણ પર 'સ્યમંતક મણિ'ની ચોરીનો મિથ્યા કલંક લાગ્યો હતો.

પૌરાણિક કથા અનુસાર કહેવાય છે કે એક દિવસ ચંદ્રમાને પોતાનાં સૌંદર્યનું અભિમાન થઈ ગયું અને એણે ગજવદન 'ગણેશ'ની હાંસી ઉડાવી. પોતાનો તિરસ્કાર જોઈ ગણેશજીએ ચંદ્રમાને શ્રાપ આપ્યો કે 'આજથી તમે કાળા કલૂટ થઈ જાઓ તથા જે પણ આજના દિવસે તમારું મુખ જોશે એ પણ કલંકનો પાત્ર બનશે.' એ દિવસ ભાદરવા સુદનો ચોથનો દિવસ હતો.

ચંદ્રમાએ તત્કાળ કરગરીને ક્ષમા યાચના કરી. સંતુષ્ટ થઈને ગણપતિજીએ કહ્યું :

"હવેથી તમે સૂર્યથી પ્રકાશ મેળવીને મહિનામાં ફક્ત એક દિવસ જ પૂર્ણતાને પામશો અને મારો આ શ્રાપ ફક્ત ભાદરવા સુદ ચોથે જ વિશેષ રહેશે, બાકીની ચોથ પર એટલો પ્રભાવ નહિ રહે. પરંતુ આ દિવસે જે મારું પૂજન કરશે એનું મિથ્યા કલંક મટી જશે."

ચોથ તિથિના સ્વામી ગણપતિજી છે. ત્યારથી આજ સુધી લોકોએ આ શ્રાપના પ્રભાવનો પ્રત્યક્ષ અનુભવ કર્યો તથા અવિરત અનુસંધાનગત પ્રમાણોના કારણે જનમાનસે આ ચોથે ચંદ્ર-દર્શનને નિષિદ્ધ માન્યું.

આ નિષેધનો વૈજ્ઞાનિક પક્ષ એ છે કે 'સૂર્ય-ચંદ્રની ગણના અનુસાર ઉક્ત પિંડ આ દિવસે એવી ત્રિભુજ કક્ષામાં સ્થિત રહે છે કે જેનાથી એની પ્રાણશક્તિમાં વિષમતા આવી જાય છે. 'ચંદ્ર સૂર્યથી પ્રકાશ મેળવે છે' આ એક વૈજ્ઞાનિક તથ્ય છે. ચંદ્રમાની ચોથી કળાનો વિકાસ ખાસ કરીને સિંહના સૂર્ય (ભાદરવા માસ)માં સૂર્યના મૃત્યુ કિરણવાળા ભાગથી પ્રકાશિત થાય છે. એ દિવસે ચંદ્ર-સંભૂત રશ્મિઓ, વિકૃત વિચાર તરંગોમાં તરંગિત થઈને મનને વિલક્ષણ રીતે પ્રભાવિત કરે છે. આથી આ દિવસે ચંદ્રદર્શનનું ફળ અશુભ હોય છે.

**આ વર્ષે ગણેશ ચોથ - ૧૯ સપ્ટેમ્બરે છે તથા ચંદ્રાસ્ત રાત્રે ૯.૧૦ વાગ્યે છે. આ દિવસે ચંદ્રદર્શન નિષિદ્ધ છે.**

### જો ભૂલમાં ચંદ્ર-દર્શન થઈ જાય તો :

જો ભૂલથી પણ ચોથનો ચંદ્રમા દેખાય જાય તો 'શ્રીમદ્ ભાગવત'ના ૧૦મા સ્કંધના ૫૬-૫૭મા અધ્યાયમાં આપવામાં આવેલ 'સ્યમંતક મણિની ચોરી'ની કથાનું આદરપૂર્વક વાંચન-શ્રવણ કરવું જોઈએ અને ભાદરવા સુદ ત્રીજ તથા પાંચમના ચંદ્રમાનાં દર્શન કરવા જોઈએ, એનાથી ચોથે દર્શન થઈ ગયા હોય તો પણ એનો વધુ દુષ્પ્રભાવ નહિ રહે.

નીચે આપેલ મંત્રથી પવિત્ર કરેલું જળ પીવું જોઈએ. મંત્ર આ પ્રમાણે છે :

**सिंहः प्रसेनमवधीत् सिंहो जाम्बवता हतः ।**
**सुकुमारक मा रोदीस्तव ह्येष स्यमन्तकः ॥**

'સુંદર, સલોણા કુમાર ! આ મણિ માટે સિંહે પ્રસેનને માર્યો છે અને જાંબવંતે એ સિંહનો સંહાર કર્યો છે આથી તમે રડો નહિ. હવે આ સ્યમંતક મણિ પર તમારો જ અધિકાર છે.'

**(બ્રહ્મવૈવર્ત પુરાણ, અધ્યાય : ૭૮)**

ચોથના ચંદ્રદર્શનથી કલંક લાગે છે. આ મંત્ર-પ્રયોગ અથવા ઉપરોક્ત કથાના વાંચન કે શ્રવણથી એનો પ્રભાવ ઘટી જાય છે.




# બ્રહ્મચર્યની સાધના શા માટે ?

### અમેરિકામાં થયેલો પ્રયોગ

અમેરિકાની એક પ્રયોગશાળામાં ૩૦ વિદ્યાર્થીઓને ભૂખ્યા રાખવામાં આવ્યા. આથી એટલા સમય દરમિયાન તો એમનો કામવિકાર દબાયેલો રહ્યો પરંતુ ભોજન શરૂ કર્યા બાદ ફરીથી એમનામાં કામવાસના જોર કરવા લાગી. કેટલાક એવા લોકો પણ થયા છે કે જેમણે આ કામવિકારથી મુક્તિ મેળવવા પોતાની જનનેન્દ્રિયને જ કાપી નાખી અને પાછળથી ખૂબ પસ્તાયા. એમને ખબર ન હતી કે જનનેન્દ્રિય તો કામવિકારને પ્રગટ થવાનું એક સાધનમાત્ર છે. ફૂલ-પાન તોડવાથી વૃક્ષ નાબૂદ નથી થતું. માર્ગદર્શનના અભાવમાં લોકો કેવી ભૂલો કરે છે એનું આ ઉદાહરણ છે.

### કામશક્તિનું દમન કે ઊર્ધ્વગમન ?

કામશક્તિનું દમન એ કામવિકારથી બચવાનો સાચો ઉકેલ નથી. સાચો ઉકેલ છે આ શક્તિને ઊર્ધ્વમુખી બનાવીને શરીરમાં જ એનો ઉપયોગ કરીને પરમ સુખને પ્રાપ્ત કરવું. આ કળા જેને આવડી ગઈ એને બધું આવડી ગયું અને જેને આ કળા ન આવડી એ સમાજમાં ભલે ગમે એટલો ધનવાન, સત્તાવાન, પ્રતિષ્ઠાવાન થઈ જાય પરંતુ અંતે મરતી વખતે અનાથ જ રહી જશે, નિજ સ્વરૂપમાં નહિ આવી શકે.

ગૌતમ બુદ્ધ આ કળા જાણતા હતા તેથી જ એમની સમક્ષ અંગુલિમાલ જેવો નિર્દય હત્યારો પણ બધાં જ દુષ્કૃત્યો ત્યાગીને ભિક્ષુ બની ગયો. આવા મહાપુરુષોમાં એ શક્તિ હોય છે, જેના પ્રયોગથી સાધક માટે બ્રહ્મચર્યની સાધના એકદમ સરળ થઈ જાય છે. પછી કામવિકાર સાથે લડવું નથી પડતું, જીવનમાં બ્રહ્મચર્ય સહજમાં જ પરિપક્વ થતું જાય છે.

મેં એવા લોકો જોયા છે કે જેઓ થોડાંક જપ-તપ કરે છે અને ખૂબ પૂજાય છે. એવા પણ લોકો મેં જોયા છે કે જેઓ ખૂબ જપ-તપ કરે છે છતાં સમાજમાં એમનો કોઈ પ્રભાવ નથી, એમનામાં કોઈ આકર્ષણ નથી. જાણે-અજાણે, કોઈ પણ રીતે જાગ્રત કે નિદ્રાવસ્થામાં અથવા અન્ય કોઈ પ્રકારે એમની વીર્યશક્તિ જરૂર નષ્ટ થતી હશે.

### એક સાધકનો અનુભવ

એક સાધકે, એનું નામ અહીં નહિ લઉં, મને પોતે જ કહ્યું : ''સ્વામીજી ! પહેલાં હું મહિનામાં એક દિવસ પણ પત્ની વિના રહી નહોતો શકતો, એટલો બધો કામવિકારમાં ગ્રસ્ત હતો. પરંતુ હવે છ છ મહિના પત્ની વગર વીતી જાય છે અને કામવિકાર પણ પહેલાંની જેમ નથી સતાવતો.''

### બીજા સાધકનો અનુભવ

બીજા એક સજ્જન અહીં આવે છે, એમની પત્ની પોતે અહીં આવતી નથી પરંતુ લોકોને કહે છે કે : 'મારા પતિને કોઈ પણ રીતે સમજાવો કે તેઓ આશ્રમમાં ન જાય.'

આમ તો આશ્રમમાં જતાં કોણ રોકે ? ...પરંતુ એ લોકોને કહે છે : ''આ મહારાજે મારા પતિ પર કોણ જાણે કેવો જાદૂ કરી નાખ્યો છે કે પહેલાં તો તેઓ રાત્રે મને પાસે સુવડાવતા હતા પરંતુ હવે મારાથી દૂર સૂએ છે. આના કરતાં તો તેઓ સિનેમામાં જતા, ગમે તેવા દોસ્તો સાથે ફરતા રહેતા હતા એ જ ઠીક હતું. એ વખતે મારા કહ્યામાં તો રહેતા હતા ! પરંતુ હવે તો...''

માનવનું કેવું દુર્ભાગ્ય છે ! 'વ્યક્તિ ભલે પતનના માર્ગે ચાલે, એના જીવનનું ભલે સત્યાનાશ થાય પરંતુ 'એ મારા કહ્યામાં રહે...' આ છે સંસારી પ્રેમનું રૂપ. એમાં પ્રેમ તો એકાદ ટકો હોઈ શકે, બાકીના ૯૯ ટકા તો મોહ જ હોય છે, વાસના જ હોય છે. પરંતુ મોહ પણ પ્રેમનું ઓઢણું ઓઢીને ફરતો હોય છે અને આપણને ખબર પણ નથી પડતી કે આપણે પતન તરફ જઈ રહ્યા છીએ કે ઉત્થાન તરફ.

**શું આ ચમત્કાર છે ?**

બ્રહ્મચર્ય ઉત્થાનનો માર્ગ છે. સ્વામીજીએ કોઈ જાદૂ નથી કર્યો. ફક્ત એમના દ્વારા એ વ્યક્તિને એમની યૌગિક શક્તિનો સહારો મળ્યો, એનાથી એની કામશક્તિ ઊર્ધ્વગામી થઈ ગઈ. આ કારણે એનું મન સાંસારિક કામસુખમાંથી ઉપરામ થઈ ગયું. અસલ રસ મળવા માંડે પછી નિસ્તેજ કરનારી ગંદી ગટર દ્વારા મળતા રસ તરફ કોણ નજર કરે ? એવો કોણ મૂર્ખ હશે કે જે બ્રહ્મચર્યનો પવિત્ર અને અસલ રસ છોડીને ઘૃણિત અને પતનોન્મુખ કરનાર સાંસારિક કામસુખ તરફ દોડે ?

લોકો માટે તો આ જાણે એક બહુ મોટો ચમત્કાર છે પરંતુ એમાં ચમત્કાર જેવી કોઈ વાત નથી. જે મહાપુરુષ યોગમાર્ગથી પરિચિત છે અને પોતાની આત્મમસ્તીમાં મસ્ત રહે છે એમના માટે આ રમત વાત છે. યોગનું પણ પોતાનું એક વિજ્ઞાન છે. એ સ્થૂળ વિજ્ઞાનથી પણ સૂક્ષ્મ અને પ્રભાવશાળી હોય છે. જે લોકો આવા કોઈ યોગી મહાપુરુષના સાંનિધ્યનો લાભ લે છે એમના માટે બ્રહ્મચર્યનું પાલન સહજ થઈ જાય છે. એમને અલગ કોઈ મહેનત નથી કરવી પડતી.

**હસ્તમૈથુન અને સ્વપ્નદોષથી કેવી રીતે બચવું ?**

જો કોઈ હસ્તમૈથુન કે સ્વપ્નદોષની સમસ્યાથી ગ્રસ્ત હોય અને ખરેખર એ રોગથી છુટકારો મેળવવા ઇચ્છતો હોય તો સૌથી પહેલાં હું કહીશ કે હવે એણે ચિંતા છોડી દેવી કે 'મને આ રોગ છે અને મારું હવે શું થશે ! શું હું ફરીથી સ્વસ્થ થઈ શકીશ ?' એણે આ પ્રકારના નિરાશાવાદી વિચારોને જડમૂળથી ઉખેડીને ફેંકી દેવા.

**સદાય પ્રસન્ન રહો**

જે થઈ ગયું એ વીતી ગયું. **बीती सो बीती... बीती ताहि बिसार दे, आगे की सुधि लेय ।** એક તો રોગ અને વળી ઉપરથી એનું ચિંતન વધારે રોગી બનાવી દે છે. આથી સૌ પ્રથમ દીનતાના વિચારોને તિલાંજલિ આપીને પ્રસન્ન અને પ્રફુલ્લ રહેવાનું શરૂ કરી દો. ભૂતકાળમાં કેટલો વીર્યનાશ થઈ ગયો એની ચિંતા છોડીને હવે વીર્યરક્ષણનો ઉપાય કરવા કમર કસીને તૈયાર થઈ જાઓ. **યાદ રાખો :** વીર્યશક્તિનું દમન નથી કરવાનું, એનું ઊર્ધ્વગમન કરવાનું છે.

---

## અમૃતબિંદુ

ૐ જેમને બહુ તડપ હોય છે, પિપાસા હોય છે તેઓ આ જ જન્મમાં ગુરુના ગુરુતત્ત્વને પૂર્ણપણે પામવાનો ઇરાદો કરી લે છે. જેટલો જેટલો તમે ગુરુતત્ત્વને પામવાનો ઇરાદો કરશો એટલા એટલા તમે તમારી બહારની આસક્તિ અને ગંદી ટેવો છોડવામાં સફળ થઈ જશો.

ૐ તમારી યોગ્યતા તમારા પૂરતી જ નથી. તમને જે પણ કંઈ મળ્યું છે, અનેકના સહયોગથી મળ્યું છે. પેન, કાગળ, રોડ તમે નથી બનાવ્યા, કોઈએ બનાવેલી ચીજોનો તમે ઉપયોગ કરો છો. તો તમારી યોગ્યતા અનેકને કામ આવે તો તમે મોટામાં મોટા પોતાના આત્મા-પરમાત્માથી પ્રીતિ કરીને પોતાની યોગ્યતાને એના જ નાતે સદુપયોગ કરશો, બધાની ભલાઈનો ભાવ રાખશો અને બધાની ભલાઈનો ભાવ રાખવાથી તમે મોટા માણસ બનેલ રહેશો.

**- પૂજ્ય બાપુ**

# કોયડો ઉકેલો

**આપેલ માહિતીની મદદ લઈ કોષ્ટકમાંથી ભગવાનના અવતારોનાં ૧૧ નામ શોધો.**

(૧) રસાતળમાં ગયેલી પૃથ્વીને કાઢી

(૨) બ્રહ્મા-વિષ્ણુ-મહેશનો અંશાવતાર

(૩) સમુદ્ર-મંથનમાં મંદરાચળને પીઠ પર ઉપાડ્યો

(૪) સમુદ્રમાંથી અમૃત લઈને પ્રગટ થયા

(૫) દેવતાઓને અમૃતપાન કરાવ્યું

(૬) હિરણ્યકશિપુનો અહં મર્દન કર્યો

(૭) ત્રણ પગલાં ભૂમિ માગીને રાજા બલિનો ઉદ્ધાર કર્યો

(૮) મર્યાદાપુરુષોત્તમ

(૯) યદુવંશમાં પ્રગટ થઈ પૃથ્વીનો ભાર ઉતાર્યો

(૧૦) સિદ્ધોના સ્વામી તરીકે સાંખ્ય શાસ્ત્રનો ઉપદેશ આપ્યો

(૧૧) બ્રાહ્મણોને ક્ષત્રિયોના અત્યાચારથી મુક્ત કર્યા

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | ક્ષ | ષ્ણ | કૃ | શ્રી | ગ | હ | દિ | લ | મ | ઈ | ની |
| નુ | પ | ન | ચ | પ | રા | ત | ચ | સ | ષ | હિ | ઘ |
| ર | ર | દા | દ | વ | ત | મ | બ | પો | મો | ન | અ |
| પા | શુ | ગ | ક | ત્તા | તિ | કુ | ષ | ક | અ | લ | ક |
| મ | રા | શ | લિં | વ | ત્રે | ષ | પ | પ્તિ | ત્સ | ચ્છ | ચ્છિ |
| ર | મ | શ | ર | શ્રે | ઠ | ય | વા | અ | પ | ની | ર્થ |
| ગ | શો | બા | ર | ષ | ત્સ | વે | પ | મ | રો | શ્રે | હિં |
| ર | ત્રે | તિ | હુ | નિ | ટ | રિ | ડા | ક | ન | સા | ધ |
| ચ્છ | નં | જ | મુ | ભ | શ્ર | સે | સ | ષ | પુ | ન્વં | ઐ |
| ક | વિ | લ | મુ | નિ | શ | ષ્ણ | વ | રુ | ત | નૃ | ગ |
| લ | પિ | પિ | મો | ય | ઋ | તિ | ણ | રિ | સ | સિં | ઘ |
| ક | ત | શ્રી | ત્તા | ત | ર્ષ | ભ | ક | સ્ર | બ | હ | ર |

**અંક ૨૩૬ના કોયડાના ઉત્તર :** (૧) અનઘ (૨) કુરુશ્રેષ્ઠ (૩) કુરુનંદન (૪) ગુડાકેશ (૫) ધનંજય (૬) ધનુર્ધર (૭) પરંતપ (૮) પાર્થ (૯) ભરતર્ષભ (૧૦) મહાબાહુ

# જ્ઞાનવર્ધક ઉખાણાં

(૧) નિર્ણયક્ષમતા વધતી જાય,
થાય વિકસિત આજ્ઞાચક્ર.
શિવનેત્રનો ધરતીથી મેળ થાય,
થાય સહેલાઈથી ક્રોધ નષ્ટ.

(૨) બીજનો ચંદ્ર સદા ચમકતો,
ગંગા પણ ઝરતી નિતનેમ.
સદા કરતા ધ્યાન તો પણ,
સાપના તેઓ પ્રિયતમ.

(૩) ઇંદ્ર-વરુણ બની ગયાં રમકડાં,
પિતા બની બેઠો ભગવાન.
ન્યાયની તેઓ સાક્ષાત્ પ્રતિમૂર્તિ,
દેવો કરતા સદા સદ્ગુણોનું ગાન.

(૪) કોઈ કોઈને નથી સુખ-દુઃખ આપતા,
પોતપોતાનાં કર્મોનું ફળ સૌ કોઈ લેતાં.
રામાયણની આ સુંદર ચોપાઈ,
બોલો કોણે કોને કહી મારા ભાઈ.

**ચોપાઈ : काहु न कोउ सुख दुख कर दाता ।**
**निज कृत करम भोग सबु भ्राता ॥**

# અમૃતબિંદુ

∝ જે ઈશ્વર સર્વદા છે એ અત્યારે પણ છે. જે સર્વત્ર છે એ અહીંયા પણ છે. જે બધામાં છે એ તમારામાં પણ છે અને જે પૂર્ણ છે એ તમારામાં પણ પૂર્ણ જ છે. એ 'એક'ને જેણે પામી લીધા એણે બધું પામી લીધું અને એ 'એક'ને છોડીને જેણે બધું સાચવ્યું એનું એ કંઈ ન રહ્યું.

∝ ભૂત અને ભવિષ્ય જે કલ્પનાઓથી બને છે એનો આધાર એ જ આત્મા-પરમાત્મા છે.

**હરિ ૐ તત્ સત્, બીજું બધું ગપસપ.**

∝ જેનો ઈષ્ટમંત્ર મજબૂત હોય છે એનું અનિષ્ટ કોઈ વિચારી નથી શકતું અને વિચારે તો એ એમાં સફળ નથી થઈ શકતો. **- પૂજ્ય બાપુ**




# ભગવદ્ભક્ત રાજા પૃથુ

(ગતાંકથી આગળ)

મહારાજ પૃથુએ ખૂબ શ્રદ્ધા અને પ્રેમપૂર્વક સનકાદિ મુનિઓને કહ્યું : "મુનીશ્વરો ! આપનાં દર્શન તો યોગીઓને પણ દુર્લભ છે. મારાં પુણ્યનો ઉદય થયો છે કે મને આપનાં દર્શન થયાં.


આ દ્રશ્ય પ્રપંચને લીધે મહત્તત્ત્વ વગેરે જો કે સર્વગત છે તો પણ એ સર્વસાક્ષી આત્માને નથી જોઈ શકાતો. આ જ પ્રકારે જો કે આપ સંપૂર્ણ લોકોમાં વિચરણ કરો છો તો પણ અનધિકારી લોકો આપને જોઈ નથી શકતા. જે ઘરોમાં ક્યારેય ભગવદ્ભક્તો (સંતો)ના પરમ પવિત્ર ચરણોદકનાં છાંટણાં નથી થયાં એ સર્વ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિઓથી ભરપૂર હોવા છતાં એવાં વૃક્ષો સમાન છે જેના પર સાપ રહે છે.

સ્વામીઓ ! અમે લોકો પોતાનાં કર્મોને વશીભૂત થઈને વિપત્તિઓના ક્ષેત્રરૂપ આ સંસારમાં પડેલ ફક્ત ઇન્દ્રિયસંબંધી ભોગોને જ પરમ પુરુષાર્થ માની રહ્યા છીએ. તો શું અમારા ઉદ્ધારનો કોઈ ઉપાય છે ? આપ લોકોને કુશળક્ષેમનો પ્રશ્ન કરવો યોગ્ય નથી કેમ કે આપ સતત આત્મામાં જ રમણ કરો છો. આપનામાં આ કુશળ છે અને આ અકુશળ છે - આ પ્રકારની વૃત્તિઓ ક્યારેય થતી જ નથી. આપ સંસાર-અગ્નિથી સંતપ્ત જીવોના પરમ સુહૃદ છો આથી હું એ પૂછવા માગું છું કે આ સંસારમાં મનુષ્યનું કેવી રીતે સુગમતાથી કલ્યાણ થઈ શકે ? એ નિશ્ચિત છે કે જે આત્મવાન પુરુષોમાં 'આત્મા' રૂપે પ્રકાશિત થાય છે અને ઉપાસકોના હૃદયમાં પોતાના સ્વરૂપને પ્રગટ કરનારા છે એ અજન્મા ભગવાન નારાયણ જ ભક્તો પર કૃપા કરવા માટે જેમ સિદ્ધ પુરુષોના રૂપમાં આ પૃથ્વી પર વિચરણ કરતા રહે છે."

શ્રી સનત્કુમારજીએ કહ્યું : "રાજન્ ! ભગવાનનાં ચરણકમળોના ગુણાનુવાદમાં ચોક્કસ તમારી અવિચલ પ્રીતિ છે. સૌ કોઈને એ મળવી બહુ મુશ્કેલ છે અને મળી જાય તો એ હૃદયની અંદરના વાસનારૂપી મળને સર્વથા નષ્ટ કરી દે છે કે જે બીજા કોઈ ઉપાયે જલદી નથી છૂટતો. શાસ્ત્રો જીવોના કલ્યાણ માટે યથાયોગ્ય વિચાર કરનારાં છે. એમાં આત્માથી ભિન્ન દેહાદિ પ્રત્યે વૈરાગ્ય તથા પોતાના આત્મસ્વરૂપ નિર્ગુણ બ્રહ્મમાં સુદ્રઢ અનુરાગ થવો એ જ કલ્યાણનું સાધન નિશ્ચિત કરવામાં આવેલ છે.

શાસ્ત્રોનું એ પણ કહેવું છે કે ગુરુ અને શાસ્ત્રનાં વચનોમાં વિશ્વાસ રાખવાથી, ભાગવત ધર્મોનું આચરણ કરવાથી, તત્ત્વજિજ્ઞાસાથી, જ્ઞાનયોગની નિષ્ઠાથી, યોગેશ્વર શ્રીહરિની ઉપાસનાથી, ભગવાનની પાવન કથાઓને સાંભળવાથી, જે લોકો ધન અને ઇન્દ્રિયોના ભોગોમાં જ રત છે એમની વાતોમાં રુચિ ન રાખવાથી, એમને પ્રિય લાગનારા પદાર્થોનો આસક્તિપૂર્વક સંગ્રહ ન કરવાથી, ભગવદ્ગુણામૃતનું પાન કરવા સિવાય અન્ય સમય આત્મામાં જ સંતુષ્ટ રહી એકાંત સેવનમાં પ્રેમ રાખવાથી, કોઈ પણ જીવને કષ્ટ ન આપવાથી, નિવૃત્તિનિષ્ઠાથી, આત્મહિતનું અનુસંધાન કરતા રહેવાથી, શ્રીહરિનું પવિત્ર ચરિત્રરૂપ શ્રેષ્ઠ અમૃતનું આસ્વાદન માણવાથી, નિષ્કામ ભાવે યમ-નિયમોનું પાલન કરવાથી, ક્યારેય કોઈની નિંદા ન કરવાથી, યોગક્ષેમ માટે પ્રયત્ન ન કરવાથી, શીતોષ્ણાદિ દ્વંદ્વોને સહન કરવાથી, ભક્તજનોના કાનને સુખ આપનારા શ્રીહરિના ગુણોનું વારંવાર વર્ણન કરવાથી અને વધતાં જતાં ભક્તિભાવથી મનુષ્યને કાર્ય-કારણરૂપ સંપૂર્ણ જડ પ્રપંચથી વૈરાગ્ય થઈ જાય છે અને આત્મસ્વરૂપ નિર્ગુણ પરબ્રહ્મમાં અનાયાસે જ એની પ્રીતિ થઈ જાય છે."

**(ક્રમશઃ)**



# ભાગવત પ્રસાદ

## ભગવદ્ભક્ત રાજા પૃથુ

(ગતાંકથી આગળ)

મહારાજ પૃથુએ ખૂબ શ્રદ્ધા અને પ્રેમપૂર્વક સનકાદિ મુનિઓને કહ્યું : ''મુનીશ્વરો ! આપનાં દર્શન તો યોગીઓને પણ દુર્લભ છે. મારાં પુણ્યનો ઉદય થયો છે કે મને આપનાં દર્શન થયાં.

આ દ્રશ્ય પ્રપંચને લીધે મહત્તત્ત્વ વગેરે જો કે સર્વગત છે તો પણ એ સર્વસાક્ષી આત્માને નથી જોઈ શકાતો. આ જ પ્રકારે જો કે આપ સંપૂર્ણ લોકોમાં વિચરણ કરો છો તો પણ અનધિકારી લોકો આપને જોઈ નથી શકતા. જે ઘરોમાં ક્યારેય ભગવદ્ભક્તો (સંતો)ના પરમ પવિત્ર ચરણોદકનાં છાંટણાં નથી થયાં એ સર્વ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિઓથી ભરપૂર હોવા છતાં એવાં વૃક્ષો સમાન છે જેના પર સાપ રહે છે.

સ્વામીઓ ! અમે લોકો પોતાનાં કર્મોને વશીભૂત થઈને વિપત્તિઓના ક્ષેત્રરૂપ આ સંસારમાં પડેલ ફક્ત ઇન્દ્રિયસંબંધી ભોગોને જ પરમ પુરુષાર્થ માની રહ્યા છીએ. તો શું અમારા ઉદ્ધારનો કોઈ ઉપાય છે ? આપ લોકોને કુશળક્ષેમનો પ્રશ્ન કરવો યોગ્ય નથી કેમ કે આપ સતત આત્મામાં જ રમણ કરો છો. આપનામાં આ કુશળ છે અને આ અકુશળ છે - આ પ્રકારની વૃત્તિઓ ક્યારેય થતી જ નથી. આપ સંસાર-અગ્નિથી સંતપ્ત જીવોના પરમ સુહૃદ છો આથી હું એ પૂછવા માગું છું કે આ સંસારમાં મનુષ્યનું કેવી રીતે સુગમતાથી કલ્યાણ થઈ શકે ? એ નિશ્ચિત છે કે જે આત્મવાન પુરુષોમાં 'આત્મા' રૂપે પ્રકાશિત થાય છે અને ઉપાસકોના હૃદયમાં પોતાના સ્વરૂપને પ્રગટ કરનારા છે એ અજન્મા ભગવાન નારાયણ જ ભક્તો પર કૃપા કરવા માટે જેમ સિદ્ધ પુરુષોના રૂપમાં આ પૃથ્વી પર વિચરણ કરતા રહે છે.''

શ્રી સનત્કુમારજીએ કહ્યું : ''રાજન્ ! ભગવાનનાં ચરણકમળોના ગુણાનુવાદમાં ચોક્કસ તમારી અવિચલ પ્રીતિ છે. સૌ કોઈને એ મળવી બહુ મુશ્કેલ છે અને મળી જાય તો એ હૃદયની અંદરના વાસનારૂપી મળને સર્વથા નષ્ટ કરી દે છે કે જે બીજા કોઈ ઉપાયે જલદી નથી છૂટતો. શાસ્ત્રો જીવોના કલ્યાણ માટે યથાયોગ્ય વિચાર કરનારાં છે. એમાં આત્માથી ભિન્ન દેહાદિ પ્રત્યે વૈરાગ્ય તથા પોતાના આત્મસ્વરૂપ નિર્ગુણ બ્રહ્મમાં સુદ્રઢ અનુરાગ થવો એ જ કલ્યાણનું સાધન નિશ્ચિત કરવામાં આવેલ છે.

શાસ્ત્રોનું એ પણ કહેવું છે કે ગુરુ અને શાસ્ત્રનાં વચનોમાં વિશ્વાસ રાખવાથી, ભાગવત ધર્મોનું આચરણ કરવાથી, તત્ત્વજિજ્ઞાસાથી, જ્ઞાનયોગની નિષ્ઠાથી, યોગેશ્વર શ્રીહરિની ઉપાસનાથી, ભગવાનની પાવન કથાઓને સાંભળવાથી, જે લોકો ધન અને ઇન્દ્રિયોના ભોગોમાં જ રત છે એમની વાતોમાં રુચિ ન રાખવાથી, એમને પ્રિય લાગનારા પદાર્થોનો આસક્તિપૂર્વક સંગ્રહ ન કરવાથી, ભગવદ્ગુણામૃતનું પાન કરવા સિવાય અન્ય સમય આત્મામાં જ સંતુષ્ટ રહી એકાંત સેવનમાં પ્રેમ રાખવાથી, કોઈ પણ જીવને કષ્ટ ન આપવાથી, નિવૃત્તિનિષ્ઠાથી, આત્મહિતનું અનુસંધાન કરતા રહેવાથી, શ્રીહરિનું પવિત્ર ચરિત્રરૂપ શ્રેષ્ઠ અમૃતનું આસ્વાદન માણવાથી, નિષ્કામ ભાવે યમ-નિયમોનું પાલન કરવાથી, ક્યારેય કોઈની નિંદા ન કરવાથી, યોગક્ષેમ માટે પ્રયત્ન ન કરવાથી, શીતોષ્ણાદિ દ્વંદ્વોને સહન કરવાથી, ભક્તજનોના કાનને સુખ આપનારા શ્રીહરિના ગુણોનું વારંવાર વર્ણન કરવાથી અને વધતાં જતાં ભક્તિભાવથી મનુષ્યને કાર્ય-કારણરૂપ સંપૂર્ણ જડ પ્રપંચથી વૈરાગ્ય થઈ જાય છે અને આત્મસ્વરૂપ નિર્ગુણ પરબ્રહ્મમાં અનાયાસે જ એની પ્રીતિ થઈ જાય છે.''

(ક્રમશઃ)

# નર તન પામીને ન કર્યું તો ક્યારે કરશો ?

– પૂજ્ય બાપુ

તમે જેટલી વાર શાંત બેસો છો, નિઃસંકલ્પ બેસો છો એટલી તમારી આત્મિક ઊર્જા, આત્મિક ઓરા, પરમાત્મિક શક્તિ સંચિત થાય છે, તમારું સામર્થ્ય વધે છે.

એક સંતને કોઈએ કહ્યું કે 'હું તો ગૃહસ્થી છું, સંસારી છું, હું તો એકાંતમાં નહિ રહી શકું, શક્તિસંપન્ન નહિ થઈ શકું.' તો સંતે કહ્યું કે 'તમે એક લોટો દૂધ સરોવરમાં કે પાણીના એક મોટા વાસણમાં રેડી દો તો તમારું દૂધ નકામું થઈ જશે પરંતુ દૂધમાં થોડું દહીં નાખીને જમાવો, થોડું એકાંત આપો. પછી વલોવો ને પાણીથી ભરેલા એક ઘડા કે સરોવરમાં એ માખણ નાખો તો તરવા માંડશે. એમ જ થોડો સમય પણ તમે સાધન-ભજન કરીને પોતાના આનંદસ્વરૂપ આત્માનું સુખ લો તો પછી સંસારના ઘડામાં તમે વ્યવહાર કરશો તો પણ નાચતાં-રમતાં આનંદથી સફળ થઈ જશો, નહિતર સંસાર તમને ડુબાડી દેશે. ચિંતામાં, વિકારોમાં, રાગમાં, દ્વેષમાં, ભયમાં, રોગમાં ડુબાડી દેશે અને અંતે જન્મ-મરણના ચક્કરમાં પણ ડુબાડી દેશે.'

'શું કરું હું તો સંસારી છું' - આમ કરીને પોતાનું આયુષ્ય નષ્ટ ન કરતા. તમે ખરેખર પરિશ્રમથી કમાવો છો અને બહુ કરકસરથી જીવો છો તો તમારો અધિકાર છે પરમ સુખ પામવાનો. મનુષ્ય-શરીર કરતાં શ્રેષ્ઠ કંઈ જ નથી. આવું મનુષ્ય-જીવન પામીને તમે જો ઊંચાઈઓ ન સ્પર્શી તો પછી ક્યારે સ્પર્શશો ?

**अब की बिछड़ी कब मिलेगी,**
**जो जाय पड़ेगी दूर ?**

જે ભૂતકાળમાં થઈ ગયું એ થઈ ગયું, અત્યારથી તમે શક્તિનો સંચય કરો, આત્માનંદના સ્વભાવમાં વૃદ્ધિ કરો, વધારો.

**बिगड़ी जनम अनेक की सुधरहिं अब और आजु ।**
**तुलसी होहिं राम को राम भजि तजि कुसमाजु ॥**

œ

---

# સંતવાણી

**गुरु की महिमा को कहै, शिव विरंचि नहिं जान ।**
**गुरु सतगुरु को चीन्हि के, पावै पद निरबान ॥**
**जाके सिर गुरु ज्ञान है, सोइ तरत भव मांहि ।**
**गुरु बिन जानो जन्तु को,**
**कबहुँ मुक्ति सुख नाहिं ॥**
**स्नेह प्रेम गुरु चरण सों, जिहि प्रकार से होय ।**
**क्या नियरै क्या दूर सब,**
**प्रेम भक्त सुख सोय ॥**

- સંત કબીરજી

**सुन्दर सद्‌गुरु आपुतें मुक्त किये गृह कूप ।**
**कर्म कालिमा दूरि करि कीये शुद्ध स्वरूप ॥**
**सद्‌गुरु शब्द सुनाइ करि दीया ज्ञान विचार ।**
**सुन्दर सूर प्रकासिया मेट्या सब अंधियार ॥**
**सद्‌गुरु कही मरंम की हिरदै बैसी आइ ।**
**रीति सकल संसार की सुन्दर दई बहाइ ॥**

- સંત સુંદરદાસજી

**गुरु दादू देखत कटे, जीव की कोटि जंजीर ।**
**जन रज्जब मुक्ते किये, पाया पूरा पीर ॥**
**गुरु दादू का ज्ञान सुन, छूटें सकल विकार ।**
**जन रज्जब दुस्तर तिरहिं, देखैं हरि दीदार ॥**

- સંત રજ્જબજી

**गुरु बिन रंग न लागहीं, गुरु बिन ज्ञान न होय ।**
**कहें टेऊँ सत्‌गुरु बिना, मुक्ति न पावे कोय ॥**
**गुरु बिन प्रेम न ऊपजे, गुरु बिन जगे न भाग ।**
**कहें टेऊँ तांते सदा, गुरु चरनों में लाग ॥**
**प्रातःकाल जो सोवहीं, तां मन होय मलीन ।**
**रोग बढ़े आयू घटे, होय भाग से हीन ॥**

- સંત ટેઊંરામજી

પછી વાટકીમાં એ લોટનો રબડી જેવો ઘોળ બનાવો. આ ઘોળને સૌ પ્રથમ થોડો માથા પર લગાડો, લલાટ પર ત્રિપુંડ લગાડો, હાથમાં, નાભિ પર, પછી આખા શરીર પર ચોપડીને ૪-૫ મિનિટ રહેવા દો. સુકાયા પછી સ્નાન કરો. આ પાપનાશક અને બુદ્ધિવર્ધક સ્નાન થશે. એનાથી તમને એ જ દિવસે ફાયદો થશે. તમે અનુભવશો કે 'આહા ! કેટલો આનંદ, કેટલી પ્રસન્નતા ! આટલો બધો ફાયદો થાય છે !'

હોળી, શિવરાત્રિ, એકાદશી, અમાસ કે પોતાના જન્મદિવસે દેશી ગાયનું મૂત્ર અને છાણ અથવા ફક્ત ગૌમૂત્ર લગાવીને સ્નાન કરવાથી પાપ નષ્ટ અને સ્વાસ્થ્ય સારું થાય છે. જો ગૌમૂત્રને માથાના વાળમાં લગાડવામાં આવે અને થોડીવાર પછી વાળ ધોવામાં આવે તો વાળ રેશમ જેવા સુંવાળા થાય છે.

ગાયના દૂધમાંથી બનતું દહીં શરીર પર ઘસીને સ્નાન કરવાથી રૂપિયા-પૈસામાં બરકત આવે છે, આજીવિકાનો માર્ગ મોકળો બને છે.

# પુષ્ટિદાયક શિંગોડાં

શિંગોડાં આસો-કારતક (ઓક્ટોબર-નવેમ્બર) માસમાં આવતું એક લોકપ્રિય ફળ છે. કાચાં શિંગોડાંને દૂધિયા શિંગોડાં પણ કહેવાય છે. મોટા ભાગે એને બાફીને ખવાય છે. શિંગોડાંનો ફળાહારમાં સમાવેશ કરેલો હોવાથી એના ગરને સૂકવી-પીસીને લોટ બનાવીને ઉપવાસમાં ખાઈ શકાય છે.

**૧૦૦ ગ્રામ શિંગોડાંમાં પોષક તત્ત્વો :**

| | **તાજાં શિંગોડાં** | **સૂકાં શિંગોડાં** |
|---|---|---|
| પ્રોટીન (ગ્રામ) | ૪.૭ | ૧૩.૪ |
| કાર્બોહાઈડ્રેટ્સ (ગ્રામ) | ૨૩.૩ | ૬૯.૮ |
| કેલ્શિયમ (મિ.ગ્રા.) | ૨૦ | ૭૦ |
| ફોસ્ફોરસ (મિ.ગ્રા.) | ૧૫૦ | ૪૪૦ |
| આયન (મિ.ગ્રા.) | ૧.૩૫ | ૨.૪ |

ઉપરાંત એમાં ભેંસના દૂધની સરખામણીમાં ૨૨ ટકા વધારે ખનિજ અને ક્ષાર તત્ત્વો જોવાં મળે છે.

બળતરા, લોહીનો સ્રાવ, પ્રમેહ, સ્વપ્નદોષ, શરીરના ક્ષય અને દુર્બળતામાં તથા પિત્ત પ્રકૃતિવાળાઓએ ખાસ ખાવાં જોઈએ.

## ઔષધ-પ્રયોગ

**ગર્ભસ્થાપક અને ગર્ભપોષક :** શિંગોડાં સગર્ભાવસ્થામાં ખૂબ જ લાભકારક છે. એ ગર્ભસ્થાપક અને ગર્ભપોષક છે. એ નિયમિત અને ઉપયુક્ત પ્રમાણમાં ખાવાથી ગર્ભસ્થ શિશુને કુપોષણથી બચાવી સ્વસ્થ અને સુંદર બનાવે છે. જો ગર્ભાશયની દુર્બળતા કે પિત્તની અધિકતાને લીધે ગર્ભ ન રહેતો હોય, વારંવાર ગર્ભસ્રાવ કે ગર્ભપાત થઈ જતો હોય તો શિંગોડાંના લોટનો શીરો ખાવો.

**શ્વેતપ્રદર અને રક્તપ્રદર :** શ્વેતપ્રદરમાં પાચનશક્તિ અનુસાર ૨૦-૩૦ ગ્રામ શિંગોડાંના લોટનો શીરો તથા રક્તપ્રદરમાં એના લોટની રોટલીઓ ખાવાથી રોગમુક્તિની સાથે શરીર પણ પુષ્ટ થાય છે.

મૂત્રકૃચ્છ્રતા, પેશાબની બળતરા અને મૂત્રસંબંધી અન્ય બીમારીઓમાં શિંગોડાંનો ક્વાથ પીવો લાભકારક છે.

**ધાતુ દુર્બળતા :** ૫ થી ૧૦ ગ્રામ શિંગોડાંનો લોટ હુંફાળા સાકરવાળા દૂધ સાથે લેવાથી સારો લાભ થાય છે.

શિંગોડાં જ્ઞાનતંતુઓ માટે વિશેષ બળપ્રદ છે.

**બળતરા, તાવ, રક્તપિત્ત કે બેચેની :** એમાં દરરોજ પાચનશક્તિ અનુસાર ૧૦-૨૦ ગ્રામ શિંગોડાંનો રસ પીવો.

**પ્રમાણ :** શિંગોડાંનું યોગ્ય પ્રમાણ ૩ થી ૬ ગ્રામ છે.

**સાવચેતીઓ :** (૧) શિંગોડાં પચવામાં ભારે હોય છે આથી યોગ્ય પ્રમાણમાં જ ખાવાં જોઈએ. વાત અને કફ પ્રકૃતિના લોકોએ થોડા પ્રમાણમાં જ ઉપયોગ કરવો. (૨) કાચાં અને અડધાં બફાયેલાં શિંગોડાં ન ખાવાં. (૩) શિંગોડાં ખાઈને તરત પાણી ન પીવું. (૪) કબજિયાત હોય તો શિંગોડાં ન ખાવાં.

# સંસ્થા સમાચાર

**('ઋષિ પ્રસાદ' પ્રતિનિધિ)**

**૨૮ જુલાઈ**એ યમુનાના પાવન તટે આવેલ આધ્યાત્મિક સ્પંદનોથી પરિપૂર્ણ **આગરા** આશ્રમમાં થયેલ સત્સંગમાં વિદ્યાર્થીઓએ સર્વાંગી વિકાસની ચાવીઓ મેળવી તો સાધકોએ જીવનને નિર્દુઃખ બનાવવાની સરળ યુક્તિઓ પણ જાણી. નિર્દુઃખ થવાનો સરળ માર્ગ જણાવતાં પૂજ્ય બાપુએ કહ્યું :

"તમારા જીવનમાં જ્ઞાન, કર્મ અને ભાવની શુદ્ધિ 'ગીતા' લઈ આવે છે. બસ, આ ત્રણની શુદ્ધિ થઈ ગઈ તો તમારો આત્મા અને ઈશ્વરનો આત્મા એક થઈ જશે, તમે નિર્દુઃખ થઈ જશો."

**૨૯ જુલાઈથી ૧ ઓગસ્ટ (સવાર)** તીર્થરાજ **પુષ્કર**માં આયોજિત ૪ દિવસની 'ધ્યાન-યોગ સાધના શિબિર' અને પૂનમ દર્શન કાર્યક્રમ અંતર્ગત પ્રથમ બે દિવસ 'વિદ્યાર્થી તેજસ્વી તાલીમ શિબિર'માં પૂજ્ય બાપુએ દેશના ખૂણેખૂણેથી આવેલ વિદ્યાર્થીઓને બુદ્ધિ અને મેધાશક્તિ વધારવા માટે વિવિધ પ્રયોગો તો કરાવ્યા જ સાથે જીવનને ઉન્નત કરી દિવ્ય બનાવવાનો માર્ગ પણ દર્શાવ્યો.

પુષ્કર તીર્થનો મહિમા જણાવતાં પૂજ્ય બાપુએ કહ્યું : "બ્રહ્માજીએ અહીં યજ્ઞ કર્યો હતો, ભગવાન શિવ અહીં આવ્યા હતા, રામજી પણ આવ્યા હતા અને આશારામ તો વર્ષોથી જ આવે છે."

શ્રદ્ધાળુઓની સુવિધા નિહાળતાં સ્વયં પરિશ્રમ સહન કરી પૂજ્ય બાપુએ શ્રાવણી પૂર્ણિમા-રક્ષાબંધનના એક જ દિવસે પુષ્કર, અમદાવાદ અને બદરપુર (દિલ્હી) આ ત્રણેય સ્થાનો પર દર્શન-સત્સંગ કાર્યક્રમ આપી ભક્તોને ન્યાલ કરી દીધા. આ જ દિવસે જયપુર અને દિલ્હી વિમાન મથક પર પણ શ્રદ્ધાળુઓએ પૂજ્ય બાપુનાં દર્શનનો લાભ લીધો.

**૧ ઓગસ્ટ બપોરે ૧૧.૩૦ થી ૧૨.૩૦** સુધી **અમદાવાદ આશ્રમ**માં પૂર્ણિમા દર્શન કાર્યક્રમ થયો. દીનતા-હીનતા ત્યાગીને મનુષ્યને પોતાનો મહિમા અને પરમાત્માથી પોતાની અભિન્નતા જાણવાનો તાત્ત્વિક સત્સંગ આપતાં પૂજ્ય બાપુએ કહ્યું : "ભગવાન ક્યાંક આકાશમાં બેસીને દુનિયા બનાવે છે એ ભ્રમ કાઢી નાખજો. આપણે જ ભગવાન છીએ અને રોટલીમાંથી લોહી બનાવીએ છીએ. લોહીમાંથી મન-બુદ્ધિ બનાવીએ છીએ, મકાન બનાવીએ છીએ. માતાના શરીરમાં આપણે જ દૂધ બનાવીએ છીએ, આપણે એટલે 'ચૈતન્ય.'

**૧ (બપોર) અને ૨ ઓગસ્ટે બદરપુર (દિલ્હી)**માં રક્ષાબંધનના અવસરે આયોજિત સત્સંગ અને પૂનમ-દર્શન કાર્યક્રમમાં એવો માનવ મહેરામણ ઊમટ્યો કે જાણે ભક્તોનું પૂર આવ્યું હોય. અહીંનું દ્રશ્ય અદ્‌ભુત હતું. ગુરુપૂર્ણિમા દ્વારા પરિપુષ્ટ ગુરુ-શિષ્ય પરંપરાને વધુ પુષ્ટિ પ્રદાન કરનાર શ્રાવણી પૂર્ણિમાના મહિમા વિશે પૂજ્ય બાપુએ કહ્યું : "તમારા જીવનમાં સમતાનું માધુર્ય, જ્ઞાનનો પ્રકાશ, આત્મવિકાસનો સંકલ્પ અને આત્મબળનો પ્રભાવ વિકસિત કરવાની વ્યવસ્થા અને ગુરુ-શિષ્યનો સંબંધ પ્રસ્થાપિત થયા પછી શિષ્યને જીવનમાં કષ્ટ-મુસીબતોથી સુરક્ષિત રહેવાની વ્યવસ્થા આપનારી પૂર્ણિમા છે શ્રાવણી પૂર્ણિમા." રજોકરી આશ્રમમાં ૬ દિવસ એકાંતવાસ પછી પૂજ્ય બાપુ પહોંચ્યા સુરત.

**૯ અને ૧૦ ઓગસ્ટે સુરત**માં જન્માષ્ટમીના પાવન પર્વ પર લાખો શ્રદ્ધાળુઓએ માધુર્ય-અવતાર પૂજ્ય બાપુના સાંનિધ્યમાં માધુર્ય વર્ષાનો લાભ લીધો અને સાધનામાં ઉન્નતિનાં સોપાન સર કર્યાં. અહીં પૂજ્ય બાપુએ ભક્તોને માટલીફોડ કાર્યક્રમ દ્વારા માખણ-મિસરીનો પ્રસાદ ખવડાવ્યો ઉપરાંત માખણચોર ભગવાન શ્રીકૃષ્ણના ૬૪ ગુણોનો આધ્યાત્મિક રહસ્યમયી મહાપ્રસાદ વહેંચીને સૌને આત્મમસ્તીમાં ઝુમાવી દીધા. અહીં ભારતના ખૂણેખૂણા અને અમેરિકા, દુબઈ, હોંગકોંગ, આફ્રિકા વગેરેથી આવેલા ભક્તોને ગુરુજ્ઞાનની ચાવીઓ આપતાં પૂજ્ય બાપુએ કહ્યું : "ભગવાન

શ્રીકૃષ્ણની જન્માષ્ટમી સંપૂર્ણ વિશ્વને જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત થવાનો સંદેશ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના જીવનથી સંદેશ આપ્યો છે કે કોઈ પણ પરિસ્થિતિ હોય દુઃખી ન થાઓ, નિરાશ ન થાઓ પરંતુ દુઃખોને પગતળે કચડીને આનંદની વાંસળી વગાડો.''

**મુરાદાબાદ (ઉ.પ્ર.)**ના ભક્તોની લાંબા સમયની પ્રાર્થના ફળી અને ૧૧ ઓગસ્ટની રાત્રે પૂજ્ય બાપુના અચાનક આગમનથી ભક્તોના આનંદની સીમા ન રહી. અહીં **૧૨ (બપોર) થી ૧૩ (સાંજ)** સુધી યોજાયેલા સત્સંગ-કાર્યક્રમમાં મનુષ્ય જન્મની મહત્તા જણાવતાં પૂજ્ય બાપુએ કહ્યું : ''મનુષ્ય જન્મ દુર્લભ છે, એમાં પણ ક્ષણભંગુર છે અને આવા ક્ષણભંગુર જીવનમાં સંતોનું મિલન ખૂબ જ દુર્લભ છે. અને સંત મળી જાય તો એમનામાં શ્રદ્ધા તથા પોતાના કાર્યમાં તત્પરતા ખૂબ જ દુર્લભ છે. જો તત્પરતા આવી જાય, શ્રદ્ધા થઈ જાય તો બેડો પાર ! હનુમાનજી તત્પર હતા, બેડો પાર થઈ ગયોને ! લક્ષ્મણ તત્પર હતા, બેડો પાર થઈ ગયોને !''

સમગ્ર શહેરમાં કરફ્યુ, તણાવપૂર્ણ વાતાવરણ, ચારેય તરફ સૂમસામ રસ્તા અને સન્નાટો પરંતુ બરેલી આશ્રમમાં ખૂબ આનંદમાં ઝૂમતાં શ્રદ્ધાળુઓ - આ દ્રશ્ય હતું **૧૫ ઓગસ્ટે બરેલી (ઉ.પ્ર.)**માં કરફ્યૂ દરમિયાન થયેલ સત્સંગનું. એક દિવસના સત્સંગ પછી બરેલીના વાતાવરણમાં ઘણો સુધારો થયો. સર્વસુહૃદય ભગવાનની વિલક્ષણતા, એમના અસ્તિત્વને સ્વીકારવાથી થનારા લાભ વિશે પૂજ્ય બાપુએ કહ્યું : ''જે 'ભગવાન છે' એવું માને છે એમનામાં વિલક્ષણ લક્ષણો આવી જાય છે. તેઓ સંસારનાં દુઃખોથી દબાતા નથી અને સુખોમાં ફસાતા નથી. વિકારોમાં પતિત થતાં બચી જાય છે અને ક્યારેક પતિત થાય તો ભગવાન ક્ષમા કરીને એમને ઉન્નત પણ કરી લે છે.''

**૧૬ ઓગસ્ટે ઉઝાણી (ઉ.પ્ર.)**માં થયેલા સત્સંગમાં પૂજ્ય બાપુએ જીવમાત્ર માટે કલ્યાણના એકમાત્ર સેતુ - સંતો સુધી પહોંચવાની ઈશ્વરની અદ્ભુત પ્રક્રિયાનું વર્ણન કર્યું. એમણે કહ્યું :

''વિકાસ ભગવાનની પ્રક્રિયા છે. નાના જીવને મોટો જીવ ખાઈ જાય છે પણ એ નાનો જીવ પછી ક્રમશઃ ઉન્નત યોનિઓમાં આવે છે. આમ કરતાં કરતાં એ મનુષ્ય શરીરમાં આવે છે અને મનુષ્ય શરીરમાં ભગવાન દુઃખ આપીને કે સુખ આપીને અથવા અક્કલ આપીને સંતો પાસે મોકલે છે. વહેલો-મોડો ગુરુકૃપાથી ભગવાનનો સાક્ષાત્કાર કરીને લોકો મહાન બની જાય છે, સંત બની જાય છે.''

સુગંધિત ફૂલ-પાન, ઔષધીય અત્તર અને સુગંધિત તેલની નગરી ગણાયેલ **બદાયું (ઉ.પ્ર.)**માં **૧૭ ઓગસ્ટે** પૂજ્ય બાપુએ 'વાસ્તવિક ચતુરાઈ શું છે' એ વિશે સમજાવતાં કહ્યું : ''ચતુરાઈ એ નથી કે જૂઠ-કપટ કરીને પૈસા ભેગા કરી લીધા, મકાન બનાવી લીધું, કોઈ પદ પર પહોંચી ગયા. દુઃખોને પગતળે કચડીને પરમ સુખમાં પોતે સ્થિત રહેવું અને બીજાને સ્થિત કરવા એ ચતુરાઈ છે.''

ઔદ્યોગિકી શિક્ષણના ક્ષેત્રમાં લાંબા સમયથી પોતાનું સ્થાન જમાવેલી તથા દેવભૂમિ ઉત્તરાખંડનું પ્રવેશદ્વાર ગણાતી **રૂડકીમાં ૧૯ ઓગસ્ટે** થયેલા સત્સંગમાં પૂજ્ય બાપુએ ટેકનિકલ જ્ઞાનને સમજનારા હૃદયોને ભગવદીય સમજણ, શાંતિ, આનંદ અને જ્ઞાનથી ભરી દીધાં. પારમાર્થિક ઉન્નતિ વિના સાંસારિક ઉન્નતિ ભારરૂપ છે એ વાત પર ધ્યાન ખેંચાવતાં પૂજ્ય બાપુએ કહ્યું : ''કલ્યાણ કરનારી કેટલી પણ સુંદર ભૌતિક પરિસ્થિતિઓ હોય પણ સૂઝબુઝ અને ભગવાનની ભક્તિ નહિ હોય તો મનુષ્ય દારૂ-માંસાહાર કરનાર, જુગારી અને દુરાચારી થઈ જશે.''

**૨૦ (સાંજ) અને ૨૧ ઓગસ્ટ (સવારે) સહારનપુર (ઉ.પ્ર.)**માં સત્સંગ-કાર્યક્રમ પછી પૂજ્ય બાપુ પહોંચ્યા ભગવાન શ્રીકૃષ્ણની પાવન નગરી **દ્વારકા (ગુજ.)**. દ્વારકામાં પૂજ્ય બાપુના

આ દ્વિતીય આગમન પર અહીંના સંતોએ પૂજ્ય બાપુનું ખૂબ સ્વાગત-અભિવાદન કર્યું. **૨૩ (બપોર) અને ૨૪ (સવારે)** યોજાયેલ સત્સંગ-કાર્યક્રમમાં પૂજ્ય બાપુએ નૌકા-વિહાર કાર્યક્રમ સાથે ભક્તોને દીક્ષાથી પણ લાભાન્વિત કર્યા. સાત મોક્ષદાયક પુરીઓમાંથી એક દ્વારિકાપુરીનો મહિમા જણાવતાં પૂજ્ય બાપુએ કહ્યું : "પશ્ચિમ તરફ મુખ કરીને બંને હાથ જોડીને દ્વારિકાનું સ્મરણ કરતાં જે સ્નાન કરે છે એમને કરોડગણું ફળ મળે છે."

**૨૫ (સાંજ)થી ૨૭ (સવાર)** સુધી ભગવાન દત્તાત્રેયની પાવન ભૂમિ **જૂનાગઢ (ગુજ.)**માં થયેલ સત્સંગમાં ગિરનારના સાધુ-સમાજે પણ પૂજ્ય બાપુનું અભિવાદન કર્યું. પૂર્વનિયોજિત બે સત્રોનો આ કાર્યક્રમ પૂજ્ય બાપુની કરુણા-કૃપાથી છ સત્રોના 'સત્સંગ-ધ્યાન યોગ શિબિર'માં પરિણમ્યો તથા જૂનાગઢવાસીઓની વર્ષોની તપસ્યા જ્ઞાન-ધ્યાન મહાયજ્ઞના રૂપમાં ફળીભૂત થઈ.

વાસનાઓને મટાડવા માટે વ્રતનો મહિમા જણાવતાં પૂજ્ય બાપુએ કહ્યું : "કોઈ ને કોઈ વ્રત લીધા વિના જન્મો જન્મોની વાસના કે તુચ્છતા નથી છૂટતી. જેના જીવનમાં વ્રત નથી એ માણસ પર વિશ્વાસ કરવો જોખમ ભરેલું છે. કેમ કે વ્રત વિનાનો માણસ દ્રઢનિશ્ચયી નહિ હોય. ઉન્નત થવું હોય તો જીવનમાં કોઈ ને કોઈ વ્રત-નિયમ હોવાં જોઈએ."

અકારણ કરુણા કરનારા પૂજ્ય બાપુએ **૨૭ ઓગસ્ટે** કાર્યક્રમની પૂર્વ જાહેરાત વિના **રાજકોટ (ગુજ.)** આશ્રમમાં દર્શન-સત્સંગનો લાભ આપીને ભક્તોને કૃતાર્થ કર્યા.

**૨૮ અને ૨૯ ઓગસ્ટ (બપોર) સુધી મોરબી (ગુજ.)**માં થયેલા સત્સંગ-કાર્યક્રમમાં અચળ ધર્મનિષ્ઠ, દ્રઢ સંસ્કૃતિરક્ષક અને સાચા જ્ઞાનપિપાસુ પુણ્યાત્માઓએ ખૂબ ધૈર્યનો પરિચય આપતાં સત્સંગ, સંકીર્તન, ધ્યાન વગેરેનો લાભ લીધો તથા સત્સંગ-પ્રેમનો અદ્ભુત દાખલો બેસાડ્યો.

મોરબીનો સત્સંગ પૂરો કરી પૂજ્ય બાપુ **૨૯ ઓગસ્ટે** બપોરે હેલિકોપ્ટર દ્વારા **ગોધરા (ગુજ.)** માટે રવાના થયા. ગોધરામાં હોલિકોપ્ટર નીચે ઉતારતી વખતે ૧૦૦ ફુટની ઊંચાઈએ હેલિકોપ્ટરના પાયલોટે એના પરથી કાબૂ ગુમાવી દીધો. અસંતુલિત થઈ થોડી જ ક્ષણમાં હેલિકોપ્ટર જમીન પર ફેંકાઈ ગયું અને એના ત્રણ ટુકડા થઈ ગયા. હેલિકોપ્ટરના પાછળના ભાગમાં આગ પણ લાગી ગઈ. તો પણ પૂજ્ય બાપુ અને પાયલોટ સહિત બીજા ભક્તોને કોઈ ઈજા ન પહોંચી ! આ અદ્ભુત બચાવ જોઈને દૈવી શક્તિને ન માનનારા નાસ્તિકો પણ કહેવા લાગ્યા કે જુઓ કેવો ચમત્કાર... છેલ્લાં સો વર્ષોમાં પણ કોઈએ નહિ જોયો હોય ! (હેલિકોપ્ટર દુર્ઘટનાના વિસ્તૃત વર્ણન માટે જુઓ પાન : ૪)

દુર્ઘટનાની થોડી જ મિનિટ પછી પૂજ્ય બાપુ સત્સંગ મંડપમાં સત્સંગ કરવા પધાર્યા. પૂજ્ય બાપુએ કહ્યું : "જો ભારતીય સંસ્કૃતિમાં મારો જન્મ ન થયો હોત અને મને મંત્ર વિજ્ઞાનની માહિતી ન હોત તો આજે દુર્ઘટના તો એવા હતી કે આખા દેશમાં નહિ, આખા વિશ્વમાં કરોડો કરોડો લોકો બિચારા ચોધાર આંસુએ રડ્યા હોત અને કેવી કેવી વ્યથા એમનાં હૃદયને વેઠવી પડી હોત. હું હેમખેમ છું અને મારી સાથે જે લોકો હતા એ બધા પણ હેમખેમ છે. અને હું ઈચ્છું છું કે તમે પણ દરેક પરિસ્થિતિમાં હેમખેમ રહો."

આવી જીવલેણ દુર્ઘટનાને પણ હસતાં રમતાં વિદાય કરીને આવેલા પોતાના હૃદયેશ્વર પૂજ્ય બાપુને પૂર્ણ સ્વસ્થ, સમ, પ્રસન્ન અને નિત્યની જેમ અલમસ્ત નિહાળીને ભક્તોના આનંદનો પાર ન રહ્યો અને લાંબા સમય સુધી 'સદ્ગુરુ ભગવાનનો જય'ના જય-જયકારથી ગગન ગુંજવા લાગ્યું.

વિવિધ સંપ્રદાયોના સાધુ-સંતો, વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, પૂર્વ રાષ્ટ્રપતિ વગેરે અન્ય અગ્રગણ્યોએ તથા વિદેશોથી પણ અનેક

અગ્રગણ્યોએ ટેલિફોન દ્વારા દુર્ઘટનાની જાણકારી લીધી અને પૂજ્ય બાપુની સકુશળતાના સમચાર પૂછીને એને એક ચમત્કાર જણાવતાં પૂજ્ય બાપુની દીર્ઘાયુની શુભ ભાવના વ્યક્ત કરી. અખિલ ભારતીય આતંકવાદ નિરોધક મોરચાના પ્રમુખ શ્રી મનિંદરજીત સિંહ બિટ્ટાએ સત્સંગમાં પહોંચીને પૂજ્ય બાપુનાં સત્સંગ-દર્શનનો લાભ લીધો તથા પોતાની ભાવનાઓ વ્યક્ત કરી. (વક્તવ્ય માટે જુઓ પાન : ૮)

**૩૧ ઓગસ્ટ** સવારે ૮ વાગ્યા સુધી પૂર્ણિમા દર્શન આપીને પૂજ્ય બાપુ પહોંચ્યા **ગાઝિયાબાદ (ઉ.પ્ર.)**. જ્યાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ગુરુદેવનાં દર્શન માટે વાટ જોઈને બેઠો હતો. પૂનમ વ્રતધારીઓની સાથે જ 'વિશ્વ હિંદુ પરિષદ'ના મુખ્ય સંરક્ષક-માર્ગદર્શક અને પૂર્વ આંતર્રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અશોક સિંઘલ કે જેઓ બે દિવસ પહેલાં અમેરિકામાં હતા તેઓ પૂજ્ય બાપુનાં દર્શન માટે દોડતાં આવ્યા. સિંઘલજીએ ભારતના સંતો વિરુદ્ધ થઈ રહેલા આંતર્રાષ્ટ્રીય કાવતરાં વિશે કહી દેશના રાજનેતાઓને એ કાવતરાંબાજોના હાથા ન બનવાની સલાહ આપી. (વક્તવ્ય માટે જુઓ પાન : ૬) સત્સંગના ત્રીજા દિવસે ભાજપાના મુખ્ય સંસદસભ્ય, અગ્રજ નેતા અને પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજનાથ સિંહે પૂજ્ય બાપુના સત્સંગમાં આવીને પૂજ્ય બાપુનાં દર્શન-સત્સંગનો લાભ લીધો. (વક્તવ્ય માટે જુઓ પાન : ૭)

## પૂજ્ય બાપુના સત્સંગ-કાર્યક્રમ

**(૧) તા. ૨૯ (બપોર) અને ૩૦ સપ્ટેમ્બર**

**સ્થાન : સેક્ટર-૧૨, કોર્ટ, ટાઉન પાર્ક પાસે, ફરીદાબાદ (હરિયાણા)**

**સંપર્ક : ૯૮૧૮૮૬૫૫૫૬,૯૮૧૦૩૯૯૦૪૩.**

**(૨) તા. ૨૪ થી ૨૮ નવેમ્બર (સવાર સુધી)**

**સ્થાન : નવલખી મેદાન, રાજમહેલ રોડ, વડોદરા.**

**સંપર્ક : ૯૪૨૮૭૬૧૧૯૯,૯૮૨૫૮૭૯૩૩૦.**

# તુલસી

œ તુલસીની માળા ગળામાં પહેરવાથી જીવનશક્તિ વધે છે. ઘણા બધા રોગોથી છુટકારો મળે છે. તુલસીની માળાથી ભગવન્નામ-જપ કરવા કલ્યાણકારક છે.

œ જે મૃત્યુવેળાએ મુખમાં તુલસી-પત્રના જળનું પાન કરે છે એ સંપૂર્ણ પાપોથી મુક્ત થઈને ભગવાન વિષ્ણુના લોકમાં જાય છે.

**(બ્રહ્મવૈવર્ત પુરાણ : પ્રકૃતિ ખંડ : ૨૧.૪૨)**

œ અગ્નિસંસ્કારમાં તુલસીની લાકડીઓ શરીર પર રાખવાથી નીચ યોનિઓથી રક્ષા સુનિશ્ચિત છે.

œ તુલસીનાં પાન સૂર્યોદય પછી જ તોડવાં. દૂધમાં તુલસીનાં પાન ન નાખવાં જોઈએ અને દૂધ સાથે ખાવાં પણ ન જોઈએ.

œ પૂર્ણિમા, અમાસ, બારસ અને સૂર્ય સંક્રાંતિના દિવસે, મધ્યાહ્નકાળે, રાત્રે, બંને સંધ્યાઓના સમયે અને અશૌચના સમયે, તેલ લગાડીને, નહાયા-ધોયા વિના જે મનુષ્ય તુલસીનાં પાન તોડે છે એ જાણે ભગવાન શ્રીહરિનું મસ્તક-છેદન કરે છે. **(બ્ર.વૈ. પુરાણ, પ્ર. ખંડ : ૨૧.૫૦-૫૧)**

œ તુલસીનાં ૫-૭ પાન રોજ સવારે ખાલી પેટે ખૂબ ચાવી ચાવીને ખાવાં અને પછી તાંબાના વાસણમાં રાત્રે મૂકી રાખેલ એક ગ્લાસ પાણી પીવું. આ પ્રયોગથી ઘણા લાભ થાય છે. ધ્યાન રાખવું કે તુલસીના પાનના કણ દાંતમાં ફસાયેલ રહી ન જાય.

œ વાસી ફૂલ અને વાસી જળ પૂજા માટે વર્જિત છે. પરંતુ તુલસીદળ અને ગંગાજળ વાસી થવાં છતાં વર્જિત નથી. **(સ્કંદ પુરાણ : વૈ. ખં., મા.મા. : ૮.૯)**

œ સ્મરણશક્તિ વધારવામાં અને બ્રહ્મચર્યના પાલનમાં તુલસીનું સેવન અનુપમ સહાયક છે.

œ તુલસીનાં બીજ વાટીને રાત્રે પાણીમાં એકાદ ગ્રામ જેટલાં પલાળીને સવારે નરણા કોઠે સેવન કરવાથી વીર્યરક્ષણમાં ઘણી ઘણી મદદ મળશે.

# પૂજ્ય બાપુના સત્સંગમાં ઊમટ્યો માનવ-મહેરામણ


ઈટાવા (ઉ.પ્ર.)

જ્યારે વરસતું હોય હૈયામાં ઋષિ-અમૃત તો ઇંદ્રની વર્ષાથી કોણ હલે !


ફિરોઝાબાદ (ઉ.પ્ર.)


આગરા (ઉ.પ્ર.)


શિવપુરી (મ.પ્ર.)

શ્યોપુર (મ.પ્ર.)

## કૃષ્ણતત્ત્વમાં જાગેલા પૂજ્ય બાપુના સાંનિધ્યનો લાભ લેવા જન્માષ્ટમીના પર્વ પર ઊમટ્યો માનવ-મહેરામણ

RNP. No. GAMC 1132 A/2012-14
(Issued by SSPOs Ahd, valid upto 31-12-2014)
Licence to Post without Pre-payment.
WPP No. 09/12-14
(Issued by CPMG UK. valid upto 31-12-2014)
RNI No. 48839/90
MH/MR-NW-58/2012-14
'D' No. MR/TECH/47.2/2012



જન્માષ્ટમી મહોત્સવ, સુરત



પૂર્ણિમા દર્શન-સત્સંગ, પુષ્કર (રાજસ્થાન)



પૂર્ણિમા દર્શન-સત્સંગ, બદરપુર (દિલ્હી)

Posting at Dehradun G.P.O. between 1st to 17th of every month. ✻ Posting at MBI Patrika Channel on 9th & 10th of E.M.



# ઋષિ પ્રસાદ ઈ-સામયિક



બસ, www.rishiprasad.org પર
લોગ-ઈન કરો અને સામયિક તૈયાર !

**વિશેષ આકર્ષણો :** ✻ શીઘ્ર અને સુલભ પ્રાપ્તિ ✻ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, એટીએમ કાર્ડ તથા નેટ બેંકિંગ દ્વારા ઓનલાઈન સભ્ય પદની રકમ જમા કરવાની સુવિધા ✻ આકર્ષક રંગીન ડિઝાઈન ✻ મનોરમ રજૂઆત

**હવે ઇન્ટરનેટથી તમે કોઈ પણ જગ્યાએથી ઋષિ પ્રસાદનું ઈ-સામયિક તેમજ છપાયેલી પ્રતના પણ ઓનલાઈન સભ્ય બની શકો છો !**